30-4-02

# 卐 સમ્યક્ત્વજયંતી અંક 卐



તુજ જ્ઞાન-ધ્યાનનો રંગ અમ આદર્શ રહો;
હો શિવપદ તક તુજ સંગ, માતા! હાથ ગ્રહો.


કહાન સં. ૨૨ સં. ૨૦૫૮ [૭૦૨] * **આત્મધર્મ** * [અંક-૧૦ વર્ષ-૫૮] વીર સં. ૨૫૨૮ એપ્રિલ-૨૦૦૨

# આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ જબ જ્ઞાનસ્વભાવ મૈં હૂં ઐસા શ્રદ્ધાનરૂપી અંકુર ફૂટતા હૈ ઔર ઉસ શુદ્ધ જ્ઞાનભાવમેં આનંદ પ્રાપ્ત કિયા જાતા હૈ તબ ઈસ આત્માનંદીભાવકે પ્રતાપસે રાગ–દ્વેષાદિ ભાવકર્મ વિલા જાતે હૈં, જ્ઞાન સ્વાભાવિક પરમ જ્ઞાનમેં અનુરક્ત હો જાતા હૈ; જબ આત્માકા દૃઢ પ્રેમ પૈદા હો જાતા હૈ તબ કર્મોકી નિર્જરા હોને લગતી હૈ. ૭૨૧.

*(શ્રી તારણસ્વામી, ઉપદેશ શુદ્ધસાર, શ્લોક–૧૨૧)*

❀ જ્ઞાન પરદ્રવ્યને કાંઈ પણ (જરા પણ) ગ્રહતું નથી તથા છોડતું નથી, કારણ કે પ્રાયોગિક (અર્થાત્ પર નિમિત્તથી થયેલા) ગુણના સામર્થ્યથી તેમ જ વૈસ્રસિક (અર્થાત્ સ્વાભાવિક) ગુણના સામર્થ્યથી જ્ઞાન વડે પરદ્રવ્યનું ગ્રહવું તથા છોડવું અશક્ય છે. વળી, (કર્મ–નોકર્માદિરૂપ) પરદ્રવ્ય જ્ઞાનનો—અમૂર્તિક આત્મદ્રવ્યનો—આહાર નથી, કારણ કે તે મૂર્તિક પુદ્ગલદ્રવ્ય છે; (અમૂર્તિકને મૂર્તિક આહાર હોય નહિ.) તેથી જ્ઞાન આહારક નથી. માટે જ્ઞાનને દેહની શંકા ન કરવી. ૭૨૨. *(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર–ટીકા, ગાથા–૪૦૫–૪૦૭)*

❀ આત્માકો આત્માહીકે દ્વારા આત્મામેં હી શરીરસે ભિન્ન ઐસા વિચારના કિ જિસસે ફિર યહ આત્મા સ્વપ્નમેં ભી શરીરકી સંગતિકો પ્રાપ્ત ન હો અર્થાત્ મૈં શરીર હૂં ઐસી બુદ્ધિ સ્વપ્નમેં ભી ન હો ઐસા નિશ્ચય કરના ચાહિયે. ૭૨૩. *(શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, પ્રકરણ–૩૨, શ્લોક–૮૬)*

❀ અપને દુષ્ટ અશુભ ભાવોંસે જો કર્મ પહલે બાંધા જા ચૂકા હૈ ઉસકે ઉદય આને પર કૌન બુદ્ધિમાન દૂસરોં પર ક્રોધ કરેગા? ૭૨૪.

*(શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક–૨૮૭)*

❀ હે સર્વજ્ઞ! જે આકાશના ગર્ભમાં ત્રણેય લોક પરમાણુની લીલા ધારણ કરે છે અર્થાત્ પરમાણુ સમાન જણાય છે, તે આકાશ પણ આપના જ્ઞાનમાં પરમાણુ જેવું લાગે છે. આવો મહિમા બ્રહ્મા-વિષ્ણુ વગેરે કોઈ બીજાનો નથી. ૭૨૫.

*(શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ પંચવિંશતિ, ઋષભ સ્તોત્ર, શ્લોક–૫૬)*

કહાન
સંવત-૨૨
વર્ષ-૫૮
અંક-૧૦
[૭૦૨]

વીર
સંવત
૨૫૨૮
સં. ૨૦૫૮
APRIL
A.D. 2002




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# શુદ્ધાત્મ–અવલોકન जाण अलिंगग्गहणम्।

(શ્રી સમયસાર ગાથા–૪૯ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી)

(તા. ૧૯-૧-૭૮)

શ્રી સમયસાર શાસ્ત્રની ૪૯મી ગાથામાં અવ્યક્તના બોલ ચાલે છે. અવ્યક્ત એટલે આત્મા જે ધ્રુવ, શુદ્ધ, ચૈતન્ય, અનંત, અતીન્દ્રિય જ્ઞાનનો પિંડ, અતીન્દ્રિય આનંદનો સાગર, અતીન્દ્રિય પ્રભુતાનો ઈશ્વર–એવી અનંત શક્તિ, એવી એકે એક શક્તિમાં અનંત આનંદનું રૂપ—એવી અનંત શક્તિનું એકરૂપ તેને અવ્યક્ત કહે છે; તે જ ઉપાદેય છે; તે જ આદરણીય છે; તે સિવાય બધી ચીજો હેય તરીકે જ્ઞેય છે, આ અવ્યક્ત આત્મા ઉપાદેય તરીકે જ્ઞેય છે.

હવે કષાયોના સમૂહની વાત છે. કોઈ અજ્ઞાનીઓ કહે છે કે ચિત્તશુદ્ધિ થાય છે તો આત્મ-અનુભવ થાય છે. ચિત્તશુદ્ધિ– શુભરાગ–કષાયના મંદ ભાવ હોય તો આત્મા અકષાયસ્વરૂપ છે તેનો અનુભવ–સમ્યગ્દર્શન થાય છે; તો તેને કહે છે કે કષાયભાવોનો સમૂહ ભાવકભાવ છે, ભાવકનો ભાવ છે, કર્મ જે બીજી વસ્તુ ભાવક છે, તે ભાવ કરવાવાળાનો ભાવ છે. ત્યાં ચિત્તશુદ્ધિમાં જે રાગની મંદતા થાય છે તે ભાવકનો ભાવ છે; કર્મ ભાવક છે તેનો એ ભાવ છે. દ્રવ્યસ્વભાવનો એ ભાવ નથી.

શ્રી સમયસાર ગાથા ૧૩મા આસ્રવ્ય અને આસ્રવક જે કહ્યું છે ત્યાં પણ પર્યાયમાં આસ્રવ થવા લાયક લીધું છે અને આસ્રવ કરવાવાળું કર્મ છે એમ લીધું છે; ત્યાં વ્યવહાર નવતત્ત્વ બતાવવા છે અને તે બધાથી રહિત ભૂતાર્થ એક ચૈતન્યનું અવલંબન લેવું એમ બતાવવા આસ્રવ કરવાવાળું કર્મને જ બતાવ્યું છે; તેમ જ પોતાની પર્યાય બંધ થવા યોગ્ય છે અને બંધક–ભાવક કર્મને લીધું છે—એમ સાતેમાં ઉતાર્યું છે. જીવસ્વરૂપ ભગવાન આત્મા

શુદ્ધ આનંદકંદ પ્રભુ ચિદ્‌ઘન છે તે જ સમ્યગ્દર્શનનો વિષય છે ને તેની પર્યાયમાં જે તત્ત્વ થાય છે તેને કર્મનું નિમિત્ત–ભાવક કહીને, પોતાની પર્યાયને ભાવ્ય કહીને–બન્નેનો નિમિત્ત–નૈમિત્તિક સંબંધ બતાવી એક જીવમાં બીજા અજીવના નિમિત્તથી આવા સાત ભેદ ઉત્પન્ન થાય છે એટલે કે જીવ અને અજીવ અને આ સાત કહ્યા તે મળીને નવ થાય છે; એક બાજુ જીવ અને એક બાજુ અજીવ તે બેના સંયોગથી સાત તત્ત્વ—પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ ને મોક્ષ–ઉત્પન્ન થાય છે. તે સાતેમાં બંધ થવા લાયક આત્માની પર્યાય અને બંધ કરવાવાળું કર્મ છે, કારણ કે દ્રવ્યસ્વભાવમાં તે નથી. ત્યાં જે કર્મને કરવાવાળું કહ્યું તેનું કારણ એ કે વિકલ્પ સ્વભાવસ્વરૂપ આત્માનો નથી તેથી નવ તત્ત્વની શરૂઆત કરવામાં જ એવું લીધું કે વિકાર થવા યોગ્ય આત્માની પર્યાય અને વિકાર કરવાવાળું કર્મ છે. એકમાં નવ ઉત્પન્ન થતાં નથી, એકમાં તો ચિદાનંદ ભગવાન જ ઉત્પન્ન થાય છે. એકમાં બીજી ચીજનું–ભાવકપણાનું નિમિત્ત થઈને આત્માની પર્યાયમાં સાત તત્ત્વની ઉત્પત્તિ થાય છે.

અહીં એમ કહે છે કે કષાયોનો સમૂહ એ તો ભાવકનો ભાવ છે. ઉપર ગાથા ૧૩મા પર્યાયની યોગ્યતા લીધી હતી અને ગાથા ૩૨ અને ૩૩મા પણ પર્યાયની યોગ્યતા લીધી હતી. દ્રવ્યદૃષ્ટિ કરાવવા પર્યાયની યોગ્યતા ને નિમિત્તકર્તા અજીવ–બન્ને છોડવા લાયક છે અને એક ચૈતન્ય-સ્વરૂપ આનંદકંદ પ્રભુ જ ઉપાદેય કરવા લાયક છે એમ કહ્યું. અહીં પણ ધર્મ કરવો હોય તો અવ્યક્ત એવો ધર્મી જે પોતાનો પરમાત્મસ્વરૂપ છે તે જ એક ઉપાદેય છે, તે જ એક આદરણીય છે તેમ કહે છે.

કષાયોના સમૂહમાં ચિત્‌શુદ્ધિનો રાગ પણ આવી જાય છે. કોઈ કહે છે કે પ્રથમ અશુભભાવ હોય છે તો તેને છોડીને સીધો શુદ્ધ થઈ જતો નથી, છેલ્લે શુભભાવ વચ્ચે હોવો જોઈએ, તેથી એ કારણે શુદ્ધ થાય છે અથવા તે શુભભાવને છોડવાથી શુદ્ધભાવ થાય છે માટે શુભભાવની એટલી અપેક્ષા તો આવી ખરીને?—તો કહે છે કે ના. શુભભાવ એ આત્માનો ભાવ જ નથી, એ તો વિષ છે. ભગવાન આત્મા અમૃતનું સરોવર છે, સમુદ્ર છે, તેની સામે એ શુભભાવ ક્ષણિક, વિકૃત, ભાવકનો ભાવ, ઝેર છે. આ તો પ્રથમ સમ્યગ્દર્શનની વાત છે, અનુભૂતિની વાત છે. પ્રતીતિની અપેક્ષાએ સમ્યગ્દર્શન કહેવાય છે અને વેદન તથા જાણવાની અપેક્ષાએ અનુભૂતિ કહેવાય છે. આ અનુભૂતિમાં ભાવકનો ભાવ આવતો નથી. શુભભાવ પણ ભાવકનો ભાવ છે, જ્ઞાયકનો ભાવ નથી. જ્ઞાયકને અહીં અવ્યક્ત કહ્યો છે કારણ કે ભાવકનો ભાવ જ્ઞેય છે, વ્યક્ત છે, બાહ્ય છે. બીજી રીતે કહીએ તો પુણ્ય–પાપ અધિકારમાં શુભભાવને સ્થૂળ કહ્યો છે, તેનાથી ભિન્ન અવ્યક્તભાવને

સૂક્ષ્મ કહ્યો છે. આહાહા ! આ તો અપૂર્વ ધર્મના માર્ગની વાત છે, એ સાધારણથી પ્રાપ્ત થાય એવી ચીજ નથી. જેનાથી ભવનો અંત થઈ જાય તે વસ્તુમાં ભવ ને ભવનો ભાવ નથી, ભવ ને ભવનો ભાવ એ ભાવકનો ભાવ વ્યક્ત છે તે બધાથી રહિત ભગવાન આત્મા અવ્યક્ત છે, પહેલાં બોલમાં જ્ઞેય અને વ્યક્ત છે એમ કહ્યું હતું ને આ બીજા બોલમાં એકલો વ્યક્ત જ કહે છે. પહેલાં બોલમાં જાણવા લાયક છે એમ કહ્યું હતું ને અહીં વ્યક્ત કહે છે.

જે શુભભાવ આસ્રવ કરવાવાળો છે તે વ્યક્ત છે, સ્થૂળ છે. રાગની મંદતાનો ચિત્‌શુદ્ધિનો ભાવ તે વ્યક્ત છે, સ્થૂળ છે તેનાથી જીવ અન્ય છે, સૂક્ષ્મ છે, અવ્યક્ત છે. આવી સૂક્ષ્મ વાત છે, કદી આત્માની દરકાર કરી નથી ને ફક્ત બહારનું શીખવું, વાંચવું, ઉપદેશ આપવો, બહારમાં ખ્યાતિ મેળવવી, લોકો પોતાને માને તો ઠીક—એવી બહારની દેખાદેખીમાં રોકાઈ ગયો. હું કાંઈક શીખું છું, મારામાં આવડત છે, મને કાંઈક આવડે છે, લોકોને થોડો ખ્યાલ પણ આવી જાય કે આનામાં કાંઈક જ્ઞાન છે એવી મીઠાશ તે ભાવકનો ભાવ છે. બીજા લોકો થોડા ઉપવાસાદિ કરે તો હું ઘણા કરું, બીજા થોડું દાન કરે તો હું ઘણું દાન કરું, બીજા બે ચાર મંદિરો બનાવે તો હું દસ વીસ બનાવું—એવી રાગની મંદતામાં હોડ ચાલતી હોય તો તે પણ ભાવકનો ભાવ છે, તેમાં કાંઈ આત્માનું કલ્યાણ નથી.

પહેલામાં જ્ઞેય બતાવી વ્યક્ત કહ્યું અને હવે વ્યક્તથી અવ્યક્ત બતાવે છે. ખરેખર આત્મા જ્ઞાયક છે તો રાગની મંદતા પરજ્ઞેય છે, સ્વજ્ઞેય નથી. સ્વજ્ઞેય તો જ્ઞાયક જ છે. કેટલાક લોકો અત્યારે કહેવા લાગ્યા છે કે ઉપધાન વગેરે ક્રિયાકાંડની જે હોડાહોડી ચાલે છે તેમાં આત્માનું જ્ઞાન—આત્મજ્ઞાન—નથી પણ સાથે સાથે પાછું કહે કે ચિત્‌શુદ્ધિ કરવી અને તેનાથી પછી અનુભૂતિ થાય છે. પણ અહીં તો કહે છે કે અનંતવાર ચિત્‌શુદ્ધિ કરી, શુક્લલેશ્યા કરી, અનંતવાર નવમી ગ્રૈવેયક ગયો—અત્યારે એવી શુક્લલેશ્યા જ નથી—પણ એવી શુક્લલેશ્યાથી પણ આત્માની પ્રાપ્તિ થઈ નથી કારણ કે આત્મ-પ્રભુ અલેશી, અવ્યક્ત, શુદ્ધ ચૈતન્યઘન છે તે તો પોતાના સ્વભાવથી જ પ્રાપ્ત થાય છે.

કષાયોનો સમૂહ ભાવકભાવ વ્યક્ત છે તેનાથી જીવ અન્ય છે. આત્માથી ભાવકભાવ વ્યક્ત છે, બાહ્ય છે અને ભગવાન આત્મા તેનાથી બાહ્ય છે એટલે કે ભિન્ન છે. કષાયના ભાવ—ભાવકભાવ—અજીવ ભાવક એ બધા અજીવ છે અને ભગવાન તેનાથી ભિન્ન અંદર છે જેને અહીં ભાવકની—વ્યક્તની અપેક્ષાથી અવ્યક્ત કહ્યો છે. અવ્યક્તનો અર્થ તો એ છે કે વ્યક્તથી ભિન્ન છે એ અપેક્ષાએ અવ્યક્ત કહ્યો છે પણ વસ્તુ છે તો અંદર વ્યક્ત—પ્રગટ જ છે.

અતીન્દ્રિય આનંદકંદ પ્રભુ, અનંત અતીન્દ્રિય આનંદ, જ્ઞાન, સ્વચ્છતા, પ્રભુતા એવી એક એક શક્તિમાં અનંત શક્તિનું રૂપ અને બીજી એવી અનંત શક્તિના અનંતરૂપનો પિંડ પ્રભુ એ શુભભાવ–ભાવકભાવથી તદ્દન ભિન્ન છે—અવ્યક્ત છે, તે એક જ સમ્યગ્દષ્ટિને–ધર્મીને ઉપાદેય છે. એક ચૈતન્યસ્વરૂપમાં કોઈ પણ બગાડ નથી, એકલો ચૈતન્યસ્વરૂપ, જે અજીવ કર્મ અચેતન છે તેનું લક્ષ–સંગ કરે છે તો બગાડ ઉત્પન્ન થાય છે. શ્રી અમૃતચંદ્રાચાર્યે થોડા શબ્દોમાં ઘણું સમાડી દીધું છે. જ્ઞેય કહીને વ્યક્ત કહ્યું હતું પણ તે સામાન્યરૂપે કહ્યું હતું પણ એટલામાં કોઈ સ્પષ્ટ સમજી ન શકે તો આ બોલમાં ખૂલ્લું કર્યું કે જેટલા શુભ–અશુભભાવ છે તે ભાવકના ભાવ છે, કર્મનો ભાવ છે, અજીવનો ભાવ છે, જીવનો ભાવ નથી. આ અજીવનો અધિકાર ચાલે છે. વ્યવહારરત્નત્રય, દેવ–શાસ્ત્ર–ગુરુની શ્રદ્ધા, પંચમહાવ્રતના પરિણામ એ બધું અજીવમાં લઈ લીધું છે! અજીવમાં કેમ લઈ લીધું છે?—કે ભગવાન તો ચૈતન્ય ને આનંદસ્વરૂપ છે અને તેનો અંશ વ્યવહારરત્નત્રયમાં આવ્યો નહીં. અહીં તો ચૈતન્ય ને આનંદ તે આત્મા છે, ચેતનમાં ચૈતન્ય ને આનંદ છે અને અજીવમાં આનંદ ને જ્ઞાન નથી એ અપેક્ષાથી તેને અજીવ કહીને, વ્યક્ત કહીને, ભિન્ન કહીને તેનાથી આત્માને ભિન્ન બતાવ્યો છે.

આવો ઉપદેશ કેટલાકને આકરો લાગે છે, ધમાધમ ચાલતી હોય, અપવાસ કરો, ઉપધાન કરો, દાન કરો, મંદિર બંધાવો, રથયાત્રા કાઢો, ગજરથ કાઢો—એવો ઉપદેશ ચાલે ત્યાં મજા આવે છે, પણ ગજરથ તો ભગવાન આત્મા છે. શ્રી સમયસાર નિર્જરા અધિકારમાં ''વિદ્યારથારૂઢ'' આવે છે. વિદ્યા એટલે ત્રિકાળી વિદ્યમાન ચીજ, તેમાં આરૂઢ થવું તે વિદ્યારથારૂઢ છે, ગજરથ છે, રાગમાં આરૂઢ થવું તે તો પામરતા છે, દુઃખ છે, અજીવ છે, સ્થૂળ છે. તેનાથી જીવ અન્ય છે તેથી અવ્યક્ત છે.

ભાવકનો ભાવ વ્યક્ત છે તેનાથી અવ્યક્ત ભિન્ન છે એમ જાણ. जाण એમ ભગવાન કુંદકુંદાચાર્ય આદેશ કરે છે. ભાવકનો ભાવ જે શુભભાવ હોય—આમાં અશુભની તો વાત જ ક્યાં છે?—તેનાથી પણ ભિન્ન ભગવાન આત્મા અવ્યક્ત છે તેને જાણ. આજ દિન સુધી તેં તેને જાણ્યો નથી. અહીં ભાવક–રાગ–વ્યવહારને જાણ એમ પણ લીધું નથી, એ પહેલાં સાધારણપણે આવી ગયું છે. એ અજીવમાં આવી ગયું છે અને તેને જાણ એમ અહીં નથી કહેવું પણ અવ્યક્તને જાણ એમ અહીં કહેવું છે. પહેલી વાત જે જ્ઞેય–જ્ઞાયકની આવી તેમાં જ્ઞેય ને વ્યક્તની વાત આવી ગઈ, અહીં તો આ ભાવથી ભિન્નને જાણ એમ કહે છે. ભાવને જાણ—એમ નથી કહેવું. એ શુદ્ધ ચૈતન્યવસ્તુ ભાવકના ભાવથી ભિન્ન છે તેને જ જાણ, અને તેને જાણવામાં તારી પર્યાયમાં તેનુંય જ્ઞાન થશે અને તારા સામર્થ્યથી

રાગનું જાણવું નથી, પણ તારા સામર્થ્યથી રાગ સંબંધીનું જ્ઞાન તારા જ્ઞાન થવામાં રાગ સંબંધી જ્ઞાન ઉત્પન્ન થશે.

બોલ ત્રીજો :—

## ચિત્સામાન્યમાં ચૈતન્યની સર્વ વ્યક્તિઓ નિમગ્ન (અંતર્ભૂત) છે માટે અવ્યક્ત છે. ૩.

ચિત્સામાન્યમાં ચૈતન્યની અનંત સમસ્ત પર્યાયો–વિશેષો—એક વર્તમાન પર્યાયને છોડીને–બધી અંતર્ભૂત છે. પહેલાં ભાવકના ભાવને કાઢી નાખ્યો; અહીં તો એની પર્યાય ભૂતકાળમાં જે મલિન ને નિર્મળ પર્યાય થઈ, ભવિષ્યમાં નિર્મળ થશે તે બધી પર્યાયો અંતર્ભૂત છે. સામાન્યસ્વરૂપ જે ભગવાન આત્મા એકરૂપ છે તેમાં નિર્મળ પર્યાય પણ અંતર્નિમગ્ન છે. કેટલાકને મલિન પર્યાયનો અંત થઈને નિર્મળ થઈ, અને કેટલાકને ભવિષ્યમાં નિર્મળ થશે તે બધી સામાન્ય ચેતનમાં નિમગ્ન છે, ભિન્ન નથી.

કેટલાકને આ ઉપદેશ સમજવામાં આવતો નથી, શું કરવું તે તો આમાં કાંઈ આવતું નથી તો કહે કે અંદર મહાપ્રભુ પડ્યો છે તે બાજુમાં લીન થા, તેની સન્મુખ થા, તેનો આશ્રય લે, એ ભગવાન પૂર્ણાનંદના નાથનું શરણ લે. ઉત્તમમાં ઉત્તમ પદાર્થ હોય તો તે સામાન્ય ચૈતન્યપ્રભુ છે. તીર્થંકર ભગવાન કરતાં પણ તારો સામાન્ય આત્મા સર્વોત્કૃષ્ટ ઉત્તમ છે.–આવો ઉપદેશ લોકોને સાંભળવો, સમજવો કઠણ લાગે છે પણ ભાગ્યશાળી જીવો સાંભળવાની લાયકાતવાળા થયા છે, ક્યાંય દૂર દેશાવરમાં પણ સાંભળવાવાળા થયા છે. પ્રભુ ! એકવાર આ વાત તો સાંભળ ! આવો અવસર ક્યારે મળશે !

ચિત્સામાન્યમાં, ધ્રુવમાં, નિત્યમાં, એકરૂપ ત્રિકાળી સ્વભાવમાં જેટલી પર્યાયો થઈ ગઈ ને હવે થવાની છે—એ બધી અંતરમાં શક્તિરૂપે નિમગ્ન છે. વિકારી પર્યાય જે અંદર જાય છે ત્યાં વિકાર અંદર જતો નથી પણ યોગ્યતા રહે છે. વિકારી પર્યાય જે જાય છે ત્યાં વિકાર તો ઉદયભાવ છે અને તેને તો ભાવકભાવમાં કાઢી નાખ્યો. અહીં ઉદયભાવ તો ગયો પણ ઉપશમ ને ક્ષયોપશમભાવની વર્તમાન પર્યાય સિવાયની જેટલી નિર્મળ પર્યાય છે તે ચિત્સામાન્યમાં અંતરમાં શક્તિરૂપે છે, પર્યાયરૂપે નહિ, ઉપશમ ને ક્ષયોપશમની પર્યાય પણ અંદર જઈને પારિણામિકભાવરૂપ થઈ જાય છે, અંતરમાં ઉપશમ કે ક્ષયોપશમભાવ રહેતો નથી. આહાહા ! આવો વીતરાગ માર્ગ તો અલૌકિક છે અને એ કાંઈ દુનિયાને દેખાડવા માટેનો નથી પણ પોતાને જોવા માટે છે.

પ્રથમ વાત એ છે કે વિકલ્પથી તો પ્રથમ આવો નિર્ણય કરવો પડશે કે માર્ગ તો

આ જ છે, પછી વિકલ્પ તોડીને અનુભવ થાય છે, પણ પહેલાં વિકલ્પથી પણ નિર્ણય કરવાનું જેને ઠેકાણું નથી તેને વિકલ્પ તોડીને અનુભૂતિ ક્યાંથી થશે ? પર્યાયમાં રાગના વિકલ્પસહિત જ્ઞાનમાં યથાર્થ શું છે એનો પ્રથમ નિર્ણય તો કર. સ્વરૂપ તરફ ઢળવાથી જ સમ્યગ્દર્શન થાય છે, પર્યાયના લક્ષથી પણ સમ્યગ્દર્શન થતું નથી, તો વિકલ્પના લક્ષથી કે વિકલ્પથી સમ્યગ્દર્શન થાય—એ વાત છે જ નહીં. એમ કહી અહીં પર્યાયનો નિષેધ કર્યો છે, એમ પહેલાં નિર્ધાર કરવો જોઈએ. ભલે વિકલ્પ હો પણ માર્ગ તો આ જ છે જેટલી વ્યક્તિઓ—પર્યાયો—છે તે બધી અંતર્મગ્ન છે. પારિણામિકભાવ–સ્વભાવભાવ છે, પર્યાયના આશ્રયની જરૂર નથી કેમકે પર્યાયો અંતર્મગ્ન છે, અને જે પર્યાય નિર્ણય કરે છે તે તો બાહ્ય છે.

जाण अव्वत्तं जीवम्—એમ જાણ કહ્યું છે. ભગવાન તું જીવ છો ને ! તો જે નિર્મળ પર્યાય છે તે અંતર્મગ્ન છે એવા જીવને તું વર્તમાનમાં જાણ ! અનિત્યથી નિત્યનો નિર્ણય થાય છે, નિત્યથી નિત્યનો નિર્ણય થતો નથી. નિત્ય તો ધ્રુવ છે, સામાન્ય તો ધ્રુવ છે અને સામાન્ય ધ્રુવમાં ભૂત-ભવિષ્યની પર્યાયો અંતર્મગ્ન છે તે ધ્રુવમાં ગઈ. વર્તમાનમાં જે પર્યાય છે તે વ્યક્ત છે અને તે અંતર્મગ્ન નથી. જે પર્યાયમાં–વર્તમાન પર્યાય સિવાય પહેલી પર્યાયમાં ષટ્દ્રવ્યનું જ્ઞાન હતું તે પર્યાય પણ અંતર્મગ્ન થઈ છે. સાધકને જે જ્ઞાનની વર્તમાન પર્યાય છે, તે સાધકને કહે છે કે તું જાણ. તારી ભૂત-ભવિષ્યની પર્યાયમાં ભૂતની પર્યાય પણ એક સમયમાં શ્રુતજ્ઞાનથી છ દ્રવ્યને જાણવાની તાકાતવાળી પર્યાય હતી; તે પર્યાય તો અંતર્મગ્ન થઈ ગઇ અને વર્તમાન સિવાય પછીની કેવળજ્ઞાનની પર્યાય પણ સ્વદ્રવ્ય–પરદ્રવ્યને જાણે છે પણ તે પર્યાય સામાન્યમાં અંતર્મગ્ન છે. અહીં સમસ્ત વ્યક્તિઓ કહી છે કોઇ બાકી નથી તેથી તેમાં કેવળજ્ઞાન આદિ–અનંત આવશે, સાદિ–અનંત રહેશે તે પર્યાય પણ વર્તમાનમાં તો અંતર્મગ્ન છે. અનંત સિદ્ધભગવંતો, અનંત કેવળી ભગવંતોના જે દ્રવ્ય છે તેમનું બધાનું જ્ઞાન તે સંબંધી પોતાનું જ્ઞાન પર્યાયમાં આવી ગયું, તે જ્ઞાનની પર્યાય પણ વર્તમાન સિવાય અંતર્મગ્ન થઈ ગઇ છે. કેવળજ્ઞાન જે સાદિ–અનંત થશે તે પર્યાય પણ અંદર સામાન્યરૂપ છે, કેવળજ્ઞાન તો ક્ષાયિકભાવ છે, ને સામાન્ય-ભાવ છે તે ધ્રુવ પરમપારિણામિકભાવ છે.—આવી ચીજને અવ્યક્ત કહેવામાં આવે છે અને એ જ ઉપાદેય છે. પર્યાયમાં જાણ કહેતાં એ પર્યાયમાં આ જ ઉપાદેય છે.—એમ કહેવું છે.

[ક્રમશઃ]

# સમ્યક્ત્વ રહિત સ્વર્ગ—નિવાસ પણ ભલો નથી. સમ્યક્ત્વ સહિત નર્ક—વાસ પણ ભલો છે.

(શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)
(સળંગ પ્રવચન નં. ૧૦૯)

આ, શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્રના બીજા અધિકારની ૫૭ ગાથા ચાલે છે.

જ્ઞાનાનંદસ્વરૂપ શુદ્ધ આત્માના ભાન વિના અજ્ઞાનભાવે જે શુભભાવ થાય છે તેના ફળ તરીકે રાજ્ય આદિ વિભૂતિ મળે છે. તે વિભૂતિને પામીને અજ્ઞાનીજીવ વિષય-ભોગાદિને પ્રેમથી ભોગવે છે અને રાજ્ય આદિનું અભિમાન કરે છે તેથી નરકાદિના દુઃખને પામે છે માટે અજ્ઞાનીના પુણ્યકર્મ હેય છે. દા.ત. રાવણ પુણ્યના ફળ ભોગવીને, પાપ બાંધી નરકમાં ગયો.

તીર્થંકરદેવ ત્રિલોકનાથ વીતરાગ પરમદેવે આત્મા શુદ્ધ—આનંદનો કંદ, જ્ઞાયકમૂર્તિ છે એમ જોયું છે, અનુભવ્યું છે અને કહ્યું છે. આવા આત્માની અંતર્દષ્ટિ જેને થઈ નથી અને એકલાં વ્રત, તપ, ભક્તિ આદિના શુભપરિણામ કરે છે તેનાથી તેને પુણ્યબંધ તો થાય છે અને તેના ફળમાં વૈભવ મળે છે પણ આત્માના વૈભવનું જ્ઞાન નહિ હોવાથી જડવૈભવનું અભિમાન કરીને તે નરકાદિ ગતિમાં ચાલ્યો જાય છે માટે અજ્ઞાનીનું પુણ્ય સારું નથી, તેથી હેય છે.

હવે બીજી રીતે વાત કરે છે કે જો જીવને આત્માના શુદ્ધસ્વભાવના હેતુ પૂર્વક, બહુમાન પૂર્વક, નિદાનબંધ કર્યા વિના દયા, દાન, વ્રત, તપ, ભક્તિ આદિ શુભપરિણામ થાય છે તો તેનાથી બંધાયેલા પુણ્યકર્મના ફળમાં તેને પણ રાજ્યાદિ વિભૂતિ પ્રાપ્ત થાય છે. દા.ત. બળદેવએ ભોગોને છોડીને જિનરાજની દીક્ષા ધારણ કરી ઊર્ધ્વગામી થાય છે. રામચંદ્રજી બળદેવ હતાં. દરેક બળદેવને પૂર્વે આત્મજ્ઞાન સહિત, નિદાનબંધ રહિત પુણ્ય બંધાયેલ હોય છે તેના ફળમાં સ્વર્ગમાં જઈને પછી મનુષ્યમાં બળદેવ તરીકે જન્મ લે છે. એ દરેક બળદેવ ઊર્ધ્વગામી જ હોય છે. કોઈ તો એ જ ભવે મોક્ષમાં જાય છે અને કોઈ સ્વર્ગમાં જાય છે પણ નીચી ગતિમાં કોઈ જતાં નથી. જ્યારે વાસુદેવની પદવીને પ્રાપ્ત જીવોને પૂર્વે આત્મભાન તો થયું હોય છે અને પુણ્ય પણ હોય છે પણ તેના ફળ માટે તે નિદાન કરે છે તેથી રાજ્યાદિ વિભૂતિ તો મળે છે પણ પછી તેની ગતિ નીચી થાય છે—નરકમાં ચાલ્યા જાય છે.

બળદેવ અને તીર્થંકર આદિ પદના ધારકોએ પૂર્વે નિર્મળ આત્માનું સેવન કર્યું છે અને સાથે પુણ્ય પણ બાંધ્યા છે કેમ કે પૂર્ણ વીતરાગતા ન થાય ત્યાં સુધી રાગની મંદતામાં

શુભપરિણામથી પુણ્યકર્મ બંધાયા વિના રહેતાં નથી. તે પુણ્યના ફળમાં સ્વર્ગમાં જઈને પછી મનુષ્યમાં મોટા રાજા–મહારાજા કે તીર્થંકર થાય છે. તે અમુક કાળ સુધી ભોગોમાં રહીને પછી તેને છોડી મુનિદીક્ષા લઈ લે છે.

જુઓ ! નિદાનબંધવાળા વાસુદેવો નરકમાં જાય છે, જ્યારે નિદાનબંધ રહિત બળદેવ તીર્થંકર આદિ પુરુષો સ્વર્ગમાં કે મોક્ષમાં જાય છે.

બાળકોને પણ આવા આત્માનું સ્વરૂપ સમજાય તેમ છે હો ! જેમ આ બધી વસ્તુ દેખાય છે તે રૂપી વસ્તુ છે, તેમ આત્મા અરૂપી હોવા છતાં એક વસ્તુ છે. અરૂપી છે માટે અવસ્તુ નથી. ભગવાન આત્મા શરીરથી ભિન્ન મહાન ચૈતન્ય પદાર્થ અરૂપી વસ્તુ છે. એકલો જ્ઞાનનો ઘન–જ્ઞાનનો સૂર્ય છે. આવા આત્માના શ્રદ્ધા–જ્ઞાન વિના અજ્ઞાની એકલાં શુભભાવ કરીને તેના ફળમાં સ્વર્ગમાં તો જાય પણ ત્યાં ગૃદ્ધિપૂર્વક વિષયો ભોગવીને એ મિથ્યાદૃષ્ટિ એકેન્દ્રિયમાં પણ ચાલ્યો જાય છે. અને કોઈને વિશેષ પુણ્ય બાકી રહ્યા હોય તો સ્વર્ગમાંથી મનુષ્યમાં આવીને રાજ્યાદિ સંપદા પામીને પછી ભોગમાં લીન થઈને બાંધેલાં પાપના ફળમાં નરકાદિ ગતિમાં ચાલ્યો જાય છે. માટે કહ્યું કે તે પુણ્ય પણ ભલાં નથી.

હવે ધર્મીજીવના પુણ્યની વાત લઈએ તો ધર્મીને પુણ્યનો આદર નથી, તેને તો એક માત્ર ચૈતન્યનો જ આદર છે અને ચૈતન્ય....ચૈતન્ય....ચૈતન્યની જ લગની છે પણ ચૈતન્યના અનુભવમાં સ્થિર રહી શકતાં નથી અને પૂર્ણ વીતરાગતા પ્રગટ થઈ નથી ત્યાં સુધી વચમાં શુભરાગ આવ્યા વગર રહેતો નથી. દેવ-શાસ્ત્ર–ગુરુના વિનય, બહુમાન આદિનો શુભભાવ આવે છે તેના ફળમાં એ સ્વર્ગાદિમાં જાય છે પણ અંતર્દૃષ્ટિમાં તેને એ સ્વર્ગના વૈભવનો આદર હોતો નથી. પંચમકાળના મુનિઓ સ્વર્ગમાં જ જાય પણ તેના લેખ જુઓ તો–પદ્મનંદિ પંચવિંશતિમાં છેલ્લે પદ્મનંદિ મુનિ એમ લખે છે કે પુણ્યના ફળમાં સ્વર્ગ મળશે પણ અમારે એવા ફળ જોઈતાં નથી...આવા નિષેધના ભાવ સહિત મુનિઓ દેહ છૂટતાં સ્વર્ગમાં જાય છે. આલોચનામાં છેલ્લે આવે છે અને બધાં સંતોની શૈલી જ એવી હોય છે કેમ કે જાણે છે કે અમે આરાધક હોવા છતાં પંચમકાળમાંથી સીધાં મોક્ષમાં જવાના નથી, સ્વર્ગમાં જ જવાનું છે, તેથી પહેલેથી નિષેધ કરતાં જાય છે કે નાથ ! અમારે ત્રણલોકના રાજ પણ ન જોઈએ, અમારે તો કેવળજ્ઞાનના રાજ જોઈએ છે–આત્માનો આનંદ જોઈએ છે. આમ, ભાવના ભાવતાં મરણ આવતાં સ્વર્ગમાં જાય છે અને ત્યાંથી ફરી મનુષ્યમાં રાજા કે શેઠિયા થાય પણ સમ્યગ્દર્શન સહિત–આરાધકભાવ લઈને આવ્યા છે તેથી ભોગોને છોડી દેશે, ભોગોમાં પડ્યા નહિ રહે. આખી જિંદગી ભોગોના કીચડમાં ધર્મી પડ્યાં રહેતાં નથી. અમારો અવતાર ભવના અભાવ માટે છે. આ અમારો છેલ્લો અવતાર છે. અમે આત્માની પૂર્ણદશા

લેવા અવતર્યાં છીએ, આ ભોગો ભોગવવા માટે અવતર્યાં નથી. એમ વૈરાગ્ય કરી, ભોગો છોડી વીતરાગ પરમેશ્વરે કહેલી જિનેશ્વરીદીક્ષા ધારણ કરે છે અને બળદેવ આદિ મહાપુરુષોની જેમ ઊર્ધ્વગતિમાં ચાલ્યા જાય છે.

તીર્થંકર જેવા પુરુષો તો જન્મથી જ ત્રણ જ્ઞાન લઈને અવતરે છે. એ બાળક હોય તોપણ ઠરી ગયેલાં દેખાય એવી જેની દશા હોય છે. અંતરમાં ઉપશમરસના ઢાળા ઢળી ગયા હોય છે. તેનું છેલ્લું–ચરમશરીર છે. આ ભવે જ સર્વજ્ઞ થવાના છે. તેને બાળક જેવી કુતૂહલતા કે યુવાનીમાં બીજાને હોય તેવી વિકૃતતા ન હોય. પરમ સુંદર સુડોલ રૂપાળું શરીર હોય, તેમાં પણ જે કામદેવ હોય તેના જેવું રૂપ તો અઢીદ્વીપમાં કોઈનું ન હોય. હનુમાન કામદેવ હતાં, વાનર ન હતાં, સુંદર રાજકુમાર હતાં. તેના કુળની ધ્વજામાં વાનરનું ચિહ્ન હતું તેથી તેના કુળને વાનરકુળ કહેવાતું હતું પણ કોઈ વાનર ન હતા. એકવાર હનુમાન મહેલની છતમાં શાંતિથી બેઠા હતાં. તેને હજારો રાણીઓ હતી પણ અંતરથી પોતે ઉદાસ હતાં. એમાં ઉપરથી તારો ખરતો દેખાય છે (અહીં સ્વાધ્યાયમંદિરમાં દિવાલમાં તે ચિત્ર છે એમ ગુરુદેવ બતાવે છે) અહા ! ક્ષણમાં પ્રકાશતાં તારાની આ સ્થિતિ ! ! તરત વૈરાગ્ય પામી દીક્ષા લે છે અને કેવળજ્ઞાન પામે છે.

આમ, સમ્યગ્દર્શન–જ્ઞાનના આરાધન પૂર્વક જન્મેલાં પુરુષોના અવતાર તો ભોગ છોડીને અનુભૂતિની પૂર્ણદશા પ્રગટ કરવા માટે છે. આવી વાત બીજી જગ્યાએ પણ કહી છે કે ભવાન્તરમાં નિદાનબંધ નહિ કરેલાં જે મહામુનિઓ થાય છે તે મહાન તપ કરી સ્વર્ગલોકમાં જાય છે, ત્યાંથી ચ્યવીને બલભદ્ર આદિ થાય છે. તેઓ દેવોથી પણ અધિક સુખ ભોગવીને, રાજ્યનો ત્યાગ કરી, મુનિવ્રત ધારણ કરી કોઈ તો કેવળજ્ઞાન પામી મોક્ષમાં પધારે છે અને કોઈ મોટી ઋદ્ધિના ધારક દેવ થાય છે અને પછી મનુષ્ય થઈ મોક્ષ પામે છે.

હું તો જ્ઞાનાનંદ છું, મારે તો મારા પૂર્ણાનંદને સાધવો છે એમ જેને આત્માનો હેતુ છે, શુભભાવ પાછળ પુણ્યના ફળ મેળવવાનો હેતુ નથી એવા પુરુષો ઊર્ધ્વગામી જ હોય છે. જેમ રામચંદ્રજી નાના બાળક હતાં ત્યારે તેને આકાશમાંથી ચંદ્રને પોતાની પાસે લાવવો હતો, તો દિવાનજીએ અરીસામાં ચંદ્રનું પ્રતિબિંબ બતાવીને અરીસો રામના ખીસ્સામાં નાંખી દીધો...જાણે મારાં ખીસ્સામાં ચંદ્ર આવી ગયો એમ જાણીને રામ ખુશી થાય છે તેમ, સમ્યગ્દષ્ટિને સિદ્ધદશાની અંતરમાં આતુરતા હોય છે–જાણે સિદ્ધ અહીં ઊતરીને મને લઈ જાય ! ના...ના...પ્રભુ અમે તમારી પાસે આવશું.

સમ્યક્ત્વ લઈને જન્મેલાં રામ આરાધક હોવાથી નાનપણથી ભાવના તો પૂર્ણતાની જ હતી, અને પુણ્ય પણ એવા હતાં કે લક્ષ્મણની પદવી રામ કરતાં ઊંચી હોવા છતાં

લક્ષ્મણ રામને નમી પડતાં. જંગલમાં પણ લક્ષ્મણ રામ–સીતાની સાથે ગયા અને તેમની પથારી પોતે કરી આપતાં. રામ આ બધાં પુણ્યના ફળને જાણે છે પણ અંદરથી તેનો આદર નથી. લક્ષ્મણ મારી સેવા કરે છે એ તો પુણ્યનું ફળ છે. મારી ચીજની સેવા તો ખરેખર હું કરું છું. પૂર્વના પુણ્ય–પાપના યોગ અનુસાર સંયોગો હોય પણ અમે તે અનુકૂળતા કે પ્રતિકૂળતાથી પાર છીએ. આવા ભાવને વેદતાં રામ જેવા જ્ઞાનીઓ ઊર્ધ્વગામી જ હોય છે. કોઈ ક્ષાયિક સમકિત લઈને જન્મે અને કોઈ ક્ષયોપશમ સમકિત લઈને આવ્યા હોય અને પછી ક્ષાયિક કરીને, મુનિપણું લઈ, શ્રેણી ચડી, કેવળજ્ઞાન પામી મુક્તદશાને પ્રાપ્ત થાય છે.

જેણે દૂધપાકના સ્વાદ ચાખ્યા તેને લાલ જુવારના રોટલાં ખાવા પડે તો ખાય પણ, પ્રમોદ ન આવે–હોંશથી ન ખાય. તેમ જેણે સ્વાનુભૂતિમાં અતીન્દ્રિય આનંદના સ્વાદ ચાખી લીધાં છે તેને શુભભાવ આવે ખરા પણ તેનો આદર ન આવે. પુણ્યના ફળમાં તેને સ્વર્ગમાં જવું પડે તો જાય પણ તેનો આદર ન હોય ત્યાંથી મનુષ્યમાં આવીને મોક્ષમાં જાય છે. મનુષ્યમાં પણ તેને વૈભવનો પાર નથી હોતો. તીર્થંકર જ્યારે ગૃહસ્થાશ્રમમાં હોય ત્યાં સુધી તેના આહાર–પાણી, વસ્ત્ર, દાગીના આદિ દેવલોકમાંથી આવે છે છતાં તેમાં એ સુખ માનતાં નથી. આ નહિ...આ નહિ...અમારા આનંદની ખાણ હજી પૂરી ખુલી નથી. અરે ! અમારા અનુભવ અધૂરા રહી ગયાં અને આ વચ્ચે પુણ્ય બંધાઈ ગયું, તેના ફળમાં રાજ્યાદિ વૈભવો મળ્યા પણ અમારે આ રાજ જોઈતા નથી. અમારે તો આત્મરાજ જોઈએ છે. આવા ભાવ સહિત કોઈ તો આ ભવે જ મુનિદશા, કેવળજ્ઞાન લઈ મોક્ષ પધારે છે અને કોઈ બળદેવ આદિ મુનિદશા લઈ, અધૂરી સાધના સહિત મરીને દેવ થાય છે અને ત્યાંથી ચ્યવીને મુનિ થઈ, કેવળ પામી મોક્ષમાં જાય છે.

શ્રીકૃષ્ણના ભાઈ બળદેવ હતાં તે મરીને પાંચમા સ્વર્ગમાં દેવ થયા છે અને લક્ષ્મણના ભાઈ બળદેવ–રામ એ જ ભવે મોક્ષ પામ્યાં છે. આમ, બળદેવો બે રીતે મોક્ષ જાય છે, કોઈ સીધાં મોક્ષમાં અને કોઈ સ્વર્ગનો ભવ કર્યા પછી મોક્ષમાં જાય છે. પણ બળદેવને સ્વર્ગ અને મનુષ્ય સિવાય બીજી ગતિ થતી નથી. એકવાર આત્માનું ભાન થયા પછી નરક અને તિર્યંચ ગતિમાં જવાનું બંધ થઈ જાય છે. કોઈ એક–બે ભવે તો કોઈ વધુમાં વધુ પંદર ભવે મોક્ષમાં ચાલ્યા જાય છે.

હવે એમ કહે છે કે નિર્મલ સમ્યક્ત્વધારી જીવોનું મરણ પણ સુખકારી છે—તેમનું મરણ સારું છે પણ સમ્યક્ત્વ વિના પુણ્યનો ઉદય પણ સારો નથી.

वर णिय–दंसण–अहिमुहउ मरणु वि जीव लहेसि ।
मा णिय–दंसण–विम्मुहउ पुण्णु वि जीव करेसि ॥५८॥

અર્થ :—હે જીવ ! જો પોતાના સમ્યગ્દર્શનની સન્મુખ થઈને મરણ પણ પામે તો સારું છે પરંતુ હે જીવ, પોતાના સમ્યગ્દર્શનથી વિમુખ થયેલો જીવ પુણ્ય કરે તે પણ ભલાં નથી.

અહીં સમ્યગ્દર્શનની સન્મુખનો અર્થ સમ્યગ્દર્શનને પ્રાપ્ત જીવ સમજવો. નિજાનંદ ભગવાન આત્માની સન્મુખ દૃષ્ટિ થયા પછી દેહ છૂટી જાય તો કાંઈ વાંધો નથી. અનુભવનો દોર સાથે લઈને બીજા ભવમાં ગયો છે. તેથી એ મરણ પણ ભલું છે. પરંતુ જે જીવ સમ્યગ્દર્શનથી વિમુખ રહીને એકલી શુભભાવની પ્રવૃત્તિ કરે તો તે જીવન પણ ભલું નથી. પોતાના આત્માની સન્મુખ દૃષ્ટિ વિનાના જીવનથી આત્મામાં કાંઈ લાભ નથી. માટે યોગીન્દ્રદેવ કહે છે કે તે જીવન मा वरं—मा वरं—ભલું નથી...નથી...

ભાવાર્થ :—નિર્દોષ નિજ પરમાત્માની અનુભૂતિની રુચિરૂપ ત્રણ ગુપ્તિમયી જે નિશ્ચય-ચારિત્ર અને તેનાથી અવિનાભાવી (તન્મય) જે વીતરાગનિશ્ચય–સમ્યક્ત્વની સન્મુખ થયેલા હે જીવ ! તું મરણ પામે તો કાંઈ દોષ નથી અને તે સમ્યક્ત્વ વિના મિથ્યાત્વ અવસ્થામાં પુણ્ય કરે તોપણ ભલું નથી...

નિજ એટલે પોતાનો શુદ્ધાત્મા કે જે પુણ્ય–પાપથી રહિત તત્ત્વ છે તેની રુચિરૂપ નિશ્ચયચારિત્ર એટલે કે નિર્વિકલ્પ અનુભવમાં દેહ, વાણી, મનના વિકલ્પ નથી એવા રાગ રહિત આચરણ સાથે થયેલું વીતરાગ નિશ્ચય સમ્યગ્દર્શન તેનાથી સહિત થયેલ હે જીવ ! તું મરણ પામે તો કાંઈ ચિંતા નથી. તું કેવળજ્ઞાન પામવાને લાયક થઈ ગયો છે.

આ પરમાત્મપ્રકાશ છે. આત્મા પરમાત્મસ્વરૂપ છે તેની સન્મુખ દૃષ્ટિ થયા પછી મરણ થાય તો તે મરણ પણ ભલું છે અને તેના વિનાનું જીવન પણ ભલું નથી. જ્ઞાતા–દૃષ્ટા આત્માના ભાન વિના એકલાં પુણ્ય કરે તે આત્મા માટે ભલાં નથી તેથી સમકિત રહિત મિથ્યાદૃષ્ટિજીવ પુણ્યસહિત હોય તોપણ તેને પાપી જ કહ્યાં છે. પૂર્વના પુણ્યના ફળને ભોગવતો હોય અને વર્તમાનમાં પુણ્ય કરતો હોય તોપણ જેને શુદ્ધસ્વરૂપ ચૈતન્યનું ભાન નથી એવા મિથ્યાદૃષ્ટિને શાસ્ત્રમાં પાપી જ વર્ણવ્યાં છે. મિથ્યાદૃષ્ટિને શુભભાવ હોય તોપણ 'અશુભોપયોગી' કહ્યા છે કેમ કે મિથ્યાત્વ જ મોટું અશુભ છે તેને તો એ સેવે છે. દૃષ્ટિ ખોટી હોવાથી તેના શુભભાવને શુભ કહેતાં નથી.

આ વાતમાં ઘણાંને પ્રશ્ન ઊઠે છે કે પુણ્ય હોય તો અમે અહીં આવીને લાભ લઈ શકીએ ને ! ભાઈ ! શરીર અને આત્માનું ક્ષેત્રાંતર કોઈ કરાવી શકતું નથી. આત્માની ઈચ્છાથી શરીર ચાલતું નથી અને શરીર તો અનંતા રજકણનું પિંડ છે તેનું ક્ષેત્રાંતર થવું એ તેના રજકણનું કાર્ય છે. આત્માની ઈચ્છા 'કર્તા' અને શરીરનું અહીં આવવું એ 'કાર્ય' એમ ત્રણકાળમાં બની શકતું નથી.

દિવ્યધ્વનિ કર્તા અને શ્રોતાને સમજણ થાય તે 'કાર્ય' એ વાત પણ સાચી નથી. ભાઈ ભગવાન ! તને ખબર નથી. આ કાંઈ બીજા સાથે લડીને જીતવાની વાત નથી. પોતે પોતાને સમજાવવાની વાત છે, વાદવિવાદની વાત નથી. ચૈતન્યનો સમય સમયનો પર્યાય કોઈ નિમિત્તથી કે કર્મના ઉદયથી થાય—એમ બને નહિ. તેમ જ શરીર આત્માની ઇચ્છાથી અહીં આવે એમ બની શકતું નથી. શરીર તેના વર્તમાન પરિણમનની યોગ્યતાથી અહીં આવે છે અને આત્માને પોતાની યોગ્યતાથી ઇચ્છા થાય છે. દરેક દ્રવ્યનું વર્તમાન પરિણમન એકસાથે જ હોય છે એટલે એવો મેળ થઈ જાય છે.

વળી પ્રશ્ન થયો હતો કે કર્મ આત્માને રાગ કરાવે છે એમ તો અમે નથી કહેતાં પણ કર્મના ઉદય વિના કોઈ જીવને રાગ થતો નથી માટે કર્મનો પ્રભાવ પડે છે એ વાત તો નક્કી છે ને !

ત્યારે અહીંથી જવાબ આપ્યો હતો કે એક સમય પણ જો જીવ ઉપર કર્મનો પ્રભાવ માનવામાં આવશે તો હંમેશા જીવ ઉપર કર્મનો પ્રભાવ માનવો પડશે. તો જીવ કદી મુક્ત થઈ શકશે નહિ, જીવની સ્વતંત્રતા નહિ રહે. માટે કર્મના પ્રભાવથી જીવ રાગને કરતો નથી.

ભાઈ ! આત્માનો સમય સમયનો પર્યાય જે નિયમસર ચાલે છે તેમાં તેને કોઈ બીજા દ્રવ્યની અપેક્ષા નથી. કોઈ પણ સત્‌ના કોઈ પણ અંશની હયાતી બીજા સત્‌ની હયાતીના કારણે ન હોઈ શકે. બીજા સત્‌ની હાજરીને નિમિત્ત કહેવાય પણ તે કર્તા નથી. લોકો આવી વાતના વાંધા ઊઠાવે છે પણ ભેગા થઈને નિચોડ લાવતાં નથી.

અહીં તો કહે છે કે પ્રભુ ! તું પરનો કર્તા તો નથી પણ આ વિકલ્પ ઊઠે છે તે પણ જીવનું કર્તૃત્વ નથી. રાગ કરવાનો જીવનો સ્વભાવ નથી એવી દૃષ્ટિ થયા વિના ચૈતન્યનો આદર થતો નથી.

(૧) કર્મના કારણે જીવને રાગ થતો નથી.

(૨) રાગના કારણે જ્ઞાન થતું નથી.

(૩) જ્ઞાનસ્વભાવ રાગને કરતો નથી.

(૪) રાગરૂપે આત્મા પરિણમે છે પણ તેનો સ્વભાવ જ્ઞાન કરવાનો છે, રાગ કરવાનો નહિ.

(૫) ચૈતન્યસ્વભાવ પોતાના જ્ઞાન-દર્શન-આનંદના સ્વભાવે જ પરિણમનારો છે.

આવી દૃષ્ટિ થયા વિના જીવને રાગનો કર્તા માને કે રાગનો કર્તા, કર્મને માને કે રાગથી કર્મબંધન થાય છે એટલે કે આત્મા વડે પુદ્‌ગલકર્મનું બંધન થાય છે એમ માને છે ત્યાં સુધી તેની દૃષ્ટિ તદ્દન વિપરીત છે.

વસ્તુની વ્યવસ્થા જ આ રીતે છે. જૈન કોઈ સંપ્રદાય નથી. જૈન કોઈ વાડો નથી. ભગવાન સર્વજ્ઞે જોયેલાં તત્ત્વો પોતપોતાના સ્વતંત્ર સ્વભાવમાં રહેલાં છે. આવાં પોતાના સ્વતંત્ર સ્વભાવથી રાગને જીતે છે તેને જૈન કહેવામાં આવે છે.

આવી વસ્તુસ્થિતિને જાણ્યા વિના, સમ્યક્ત્વ રહિત મિથ્યાદૃષ્ટિ પુણ્યસહિત હોય તોપણ 'પાપી' છે. અજ્ઞાનીને વસ્તુનું સ્વરૂપ સમજવા મળ્યું જ નથી. અમે એક 'કૂકડાં' ગામમાં ગયાં હતાં, ત્યાં તાજો વરસાદ પડેલો તો જ્યાં જુઓ ત્યાં ડોળું પાણી જ મળે. પીવા માટે પણ ક્યાંય નિર્મળ પાણી નહિ. હવે એ ધીરો થઈને પાણીને ઠરવા દે તો ઉપરથી નિર્મળ પાણી મળે પણ ધીરો ન થાય તો ! તેમ અજ્ઞાનીને બધે ડોળી વાત જ મળે છે કે આત્મા જડકર્મને કરનારો છે, પુણ્ય–પાપનો કર્તા આત્મા છે, પુણ્ય કરતાં કરતાં ધર્મ થશે...એવું ડોળું જ મળ્યું છે તે ડોળાને સાફ કરવું એ ધીરાનું કામ છે.

ચૈતન્યમૂર્તિ નિર્મળાનંદ નાથના ભાન વિના એકલાં પુણ્યના કર્તા થાય તે એકાદ ભવ સ્વર્ગાદિનો કરીને અધોગતિમાં ચાલ્યાં જાય છે અને જો સમકિત સહિત જીવ હોય તો તે પૂર્વે બાંધેલાં પાપકર્મના ફળમાં દુઃખદારિદ્ર ભોગવતાં હોય તોપણ તેને ભગવાને પુણ્યાધિકારી કહ્યાં છે. ગરીબ ઘરે જન્મ્યા હોય, નિર્ધન હોય, શરીરમાં રોગ રહેતો હોય, હરિજન હોય પણ જો સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યું છે તો તે 'દેવ' છે. જેમ, રાખથી ઢાંકેલો અગ્નિ પણ અગ્નિ છે તેમ, શરીર ભલે કાળું અને મેલું હોય, પણ સમકિતી 'દેવ' છે.

અજ્ઞાનીને શરીર સારું હોય તેનું અભિમાન હોય, કપડાં સારાંનું અભિમાન, ભાષા મીઠી બોલતાં આવડે તેનું અભિમાન, એમ અનેક પ્રકારે પરથી પોતાની મોટાઇ માને છે પણ ભાઈ ! તું શેના અભિમાન કરે છે એ તો વિચાર ! જે વસ્તુ તારી નથી એવા જડના અભિમાન કરે છે ?

સમ્યગ્દૃષ્ટિ જીવને વર્તમાનમાં ભલે પૂર્વ પાપના યોગે ગરીબ ઘર, રોગી દેહ, નીચું કુળ આદિ મળ્યું હોય પણ તેનાથી ભિન્ન ચૈતન્યરતનને પ્રાપ્ત કરી લીધું છે તેથી તે પુણ્યાધિકારી છે. તે મરીને ભવિષ્યમાં એવા દેહને પામશે કે અનંતકાળમાં ન મળ્યાં હોય એવા રજકણથી બનેલો એનો દેહ હશે. સમ્યગ્દર્શનની ભૂમિકામાં જે પુણ્ય થાય છે એવું પુણ્ય મિથ્યાદર્શનની ભૂમિકામાં કદી હોતું નથી, તેથી અનંતકાળમાં ન મળી હોય એવી પુણ્યસામગ્રી તેને હવે મળે છે. સમ્યક્ત્વની સાથે તેને અધિકપણે શુભભાવ જ રહ્યાં કરે છે, અશુભ ભાવ તો બહુ ઓછા થાય છે, તેથી પુણ્ય જ વિશેષ બંધાતા હોવાથી તેને પુણ્યાધિકારી કહ્યાં છે. એ પુણ્યના ફળમાં ભવિષ્યમાં સ્વર્ગ અને રાજ્યાદિ પામી, તેને પણ છોડી, દીક્ષા ધારણ કરી, મુક્તિને પામશે.

સમકિતીનું મરણ પણ ભલું છે. ખરેખર સમકિતી મરતો જ નથી. એ તો જીવતાં જીવને લઈને, દેહનો સંયોગ છોડીને ચાલ્યો જાય છે. સમકિતી ચૈતન્યને જાગતો લઈને જાય છે જ્યારે બ્રહ્મદત્ત ચક્રવર્તી જેવા કે રાવણ જેવા વૈભવના મોહમાં–મમતાને લઈને નરકના કકળાટમાં ચાલ્યાં જાય છે. સીતાજી જેવાએ સ્ત્રીલિંગનો છેદ કરી નાંખ્યો અને વૈમાનિકદેવ થઈ ગયાં.

અરે ! અમારી ઉપર રાવણ જેવા પુરુષ મોહાય એવું રૂપ જ અમને ન જોઈએ. સમ્યગ્દૃષ્ટિ તો હતાં અને સ્ત્રીલિંગ પણ છેદી નાંખ્યું. રાવણને કોઈએ કીધેલું કે તું રામનું રૂપ લે તો સીતા પ્રસન્ન થશે. પણ, રાવણ કહે છે હું રામનું રૂપ લઊં છું ત્યાં મને સીતા માતા દેખાય છે. રાવણના રૂપમાં મારી વૃત્તિ આવી રહે છે પણ રામના રૂપમાં એવી વૃત્તિ જ થતી નથી. એ રામનો આત્મા કેવો હશે એમ એને અંદરમાં હશે તો ખરું પણ માને એને મારી નાંખ્યો.

રામચંદ્રજી પુરુષોત્તમ પુરુષ હતાં, એ જ ભવે મોક્ષ જવું હતું. અમે સીતાને ન્યાયથી લેશું, અનીતિથી નહિ લઈએ. અમે બળદેવ–વાસુદેવ પદવીને પામ્યા છીએ એટલે બીજો ઉપાય નથી. રાવણને મારે છે પણ પછી તેના અગ્નિસંસ્કારમાં જાય છે અને રામ, રાવણની સ્ત્રી મંદોદરીને કહે છે બેન! માતા ! અમારે તમારા પતિ સાથે વેર ન હતું. અમારી પુણ્યની પદવી એવી છે તેથી આવો યોગ બને છે તે સ્થિતિમાં બીજો કોઈ ઉપાય નથી...રામ–લક્ષ્મણ રાવણની અંતેષ્ટિમાં આગળ ચાલીને જાય છે અને પછી વિભીષણને બોલાવીને રાજ્ય સોંપી દે છે. અમારે રાજ જોઈતું નથી. પૂર્વ પુણ્યના યોગે એમને આવો ભાવ હતો પણ તેનો આદર ન હતો.

શ્રોતા :—રામે રાવણને સમજાવ્યો હોત તો ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—જ્યાં રાવણને તીવ્ર ગૃદ્ધિ હતી એમાં એ મુંજાઈ ગયેલો, સમજે શું ? આપણે રસ્તામાં ઉંદરને મરી ગયેલાં જોઈએ છીએ ને ! તે કેવી રીતે બને છે કે વાહનના પ્રકાશમાં એ મુંજાઈ જાય છે કે આમ જવું કે આમ જવું ! એમાં એવા મુંજાઈ જાય કે કાંઈ કરી ન શકે અને વાહન તેના ઉપર ફરી જાય. તેમ રાવણ મોહમાં એવો મુંજાઈ ગયો હતો. વિભીષણે રાવણને કહ્યું હતું કે ભાઈ! શાસ્ત્રમાં કહ્યું છે કે વાસુદેવ પ્રતિવાસુદેવને મારે છે. તમે પ્રતિવાસુદેવ છો માટે મરાશો. આમ જાણવા છતાં તે મોહ કે માન છોડી ન શક્યો.

અહા ! ઉત્તમ પુરુષો ગમે તેવી સ્થિતિમાં પણ ઉત્તમતા છોડતાં નથી. એક અંશ પણ તેની ઉત્તમત્તા છૂટતી નથી. એ તો ઉત્તમપણામાં જ રમતાં હોય છે. રાવણ મર્યો કે તરત

રામ–લક્ષ્મણ હથિયાર નીચે મૂકી દે છે. સેનાને અભયદાન આપે છે. અમારે રાજ્યાદિ કાંઈ જોઈતું નથી. અમારે બીજો ઉપાય ન હતો એટલે રાવણને મારવો પડ્યો પણ મંદોદરી તો અમારી બેન સમાન છે. બેન! અમે તારી પાસે માફી માંગીએ છીએ. આત્માના ભાન સહિત આવી ઉત્તમતા શોભે છે.

આત્માના ભાન વિનાના પુણ્યને દુનિયા ભલે બહુ માને, પ્રસંશા કરે પણ એ પુણ્ય સારાં નથી, પ્રસંશાયોગ્ય નથી. અજ્ઞાની જીવ પુણ્ય કરીને ક્ષુદ્રદેવ તથા ક્ષુદ્ર મનુષ્ય થઈને સંસારવનમાં ભટકશે. પુણ્યના ફળને ભોગવીને અંતે નરક–નિગોદમાં પડે છે. માટે મિથ્યાદૃષ્ટિના પુણ્ય ભલાં નથી. આવો મેળ સમજવો જગતને અઘરો પડે છે. સમ્યક્ત્વનું માહાત્મ્ય અને મિથ્યાત્વનું નીચપણું સમજવું બહુ જરૂરી છે.

નિદાનબંધવાળા પુણ્યથી ભવાંતરમાં ભોગોને પામીને પછી નરકમાં જાય છે. સમ્યગ્દૃષ્ટિ પૂર્વે મિથ્યાત્વ અવસ્થામાં કરેલાં પાપોના ફળને ભોગવે છે, પરંતુ હવે સમ્યક્ત્વ મળ્યું છે તેથી સદા સુખી જ થશે. પાપના ફળને ભોગવે છે એટલે કે સંયોગો એવા મળે કે સાધારણ ઘરે જન્મે, હલકી યોનિ થાય વગેરે...પણ સમ્યક્ત્વ થયું હોવાથી આત્માના અનુભવ સહિત તે વર્તમાનમાં પણ સુખી છે અને ભવિષ્યમાં પણ સુખી જ થશે. બહારના સાધન પણ પછી તો અનુકૂળ જ મળશે. જેવા સમ્યગ્દૃષ્ટિને બાહ્યસાધન મળે છે તેવા મિથ્યાદૃષ્ટિને મળતાં નથી.

તીર્થંકર, બળદેવ આદિ પદવીઓ સમ્યગ્દૃષ્ટિને જ મળે છે, મિથ્યાદૃષ્ટિને મળતી નથી. સમ્યક્ત્વ થયા પહેલાં આયુષ્ય બંધાઈ ગયું હોય તો નરકાદિમાં જાય પણ ત્યાંથી નીકળીને મનુષ્ય થઈ ઊર્ધ્વગતિ જ પામે છે. યોગીન્દ્રદેવની ગાથામાં આવે છે કે સમકિતી કદાચિત્ નરકમાં જાય છે તો કર્મ ખપાવવા માટે જાય છે. તેના કર્મ ખપી જશે.

મિથ્યાદૃષ્ટિ જો પુણ્યના ઉદયથી દેવ પણ થાય છે તો દેવલોકથી ચ્યવીને એકેન્દ્રિય થઈ જાય છે. તો એવા પુણ્યની શી મહિમા! આવું બીજી જગ્યાએ પણ કહ્યું છે કે સમ્યક્ત્વ સહિત નરકમાં રહેવું પણ સારું અને સમ્યક્ત્વ રહિતપણે સ્વર્ગમાં નિવાસ પણ શોભતો નથી.

અનુભવના દોર સહિત નરકમાં હોય તે પણ સારો છે અને સમકિત વિના મોટો રાજા કે અબજોપતિ શેઠિયો થાય તે પણ શોભતો નથી. આ જ વાતને ફરી ૫૯ ગાથામાં દૃઢ કરે છે.

जे णिय–दंसण अहिमुहा सोक्खु अणंतु लहंति ।
तिं विणु पुण्णु करंता वि दुक्खु अणंतु सहंति ॥५६॥

અર્થ :—જેઓ સમ્યગ્દર્શનની સન્મુખ છે તેઓ અનંત સુખને પામે છે અને જે જીવો

સમ્યક્ત્વ રહિત છે તેઓ પુણ્ય કરે છે તોપણ પુણ્યના ફળથી અલ્પ સુખ પામીને સંસારમાં અનંત દુઃખ ભોગવે છે.

અહીં ચોથા ગુણસ્થાનથી શરૂ કરીને બધાં સમ્યગ્દૃષ્ટિ જીવોની વાત કરી છે કે જેની દૃષ્ટિ ચૈતન્ય ઉપર પડી છે તે સાધક થઈ ગયો, ક્રમે ક્રમે કેવળજ્ઞાન અને અનંત આનંદને પામશે. અને જે સમ્યક્ દર્શનથી રહિત છે તે કદાચિત્ પુણ્ય કરશે તોપણ ફોગટ છે. એકડા વિનાના મીંડાની જેમ તે પુણ્યની કાંઈ કિંમત નથી. જે સાધક થયા છે તેને પણ પુણ્ય તો થશે અને તેના ફળ મળશે પણ તેનો તેને આદર નથી. મિથ્યાદૃષ્ટિ પુણ્યના ફળમાં વર્તમાનમાં મહંત દેખાતા હોય, મોટા તરીકે પૂજાતા હોય પણ એ બધા નીચે જવાના છે કેમ કે તેની દૃષ્ટિ ખોટી છે, પુણ્યમાં ધર્મ મનાવે છે અને પાપ કરે છે.

ભાવાર્થ :—નિજ શુદ્ધાત્માની પ્રાપ્તિરૂપ નિશ્ચયસમ્યક્ત્વની સન્મુખ થયેલા જે સત્પુરુષ છે તેઓ આ ભવમાં યુધિષ્ઠિર, ભીમ, અર્જુનની જેમ અવિનાશી સુખ પામે છે અને કેટલાક નકુલ અને સહદેવની જેમ અહમિંદ્ર પદના સુખ પામે છે તથા જે સમ્યક્ત્વથી રહિત મિથ્યાદૃષ્ટિથી જીવ પુણ્ય કરે છે તોપણ મોક્ષના અધિકારી નથી, સંસારી જીવ જ છે. આ તાત્પર્ય જાણવું.

પાંચ પાંડવ હતાં તે મુનિ થઈને અહીં શેત્રુંજય ઉપર આત્માનું ધ્યાન કરતાં હતાં ત્યાં દુર્યોધનના ભાણેજે આવીને પાંચેયને ધગધગતાં લોઢાના દાગીના પહેરાવ્યાં પણ પાંચમાંથી મોટા ત્રણ પાંડવ તો આનંદને વેદતાં વેદતાં કેવળજ્ઞાન પામીને મોક્ષ પધાર્યાં અને નકુલ તથા સહદેવને જરાં શુભરાગ આવી ગયો કે આ ત્રણ મોટા ભાઈઓનું શું થતું હશે ! કોમળ શરીર છે અને આ ગરમાગમ લોઢાના દાગીના...આટલો વિકલ્પ આવી ગયો અને અહમિંદ્રનું આયુષ્ય બંધાઈ ગયું—સર્વાર્થસિદ્ધિ વિમાનમાં ગયાં.

આમ, સમ્યગ્દૃષ્ટિ હોય તે એ જ ભવે અથવા પુણ્યના ફળ ભોગવીને ક્રમે મોક્ષને પામે છે પણ મિથ્યાદૃષ્ટિ તો પુણ્ય કરે તોપણ મોક્ષના અધિકારી નથી. સંસારના જ અધિકારી છે.

[ક્રમશઃ]

## વૈરાગ્ય સમાચાર :—

રાજકોટનિવાસી ડૉ. પ્રભાકરભાઈ મગનલાલ ઉદાણી (વર્ષ-૮૩) તા. ૫-૧-૨૦૦૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

સોનગઢનિવાસી શ્રી ધરમચંદભાઈ જગજીવનદાસ ઝોબાળિયા (વર્ષ-૮૩) તા. ૧૨-૧-૨૦૦૨ના રોજ સોનગઢમાં સ્વર્ગવાસ પામ્યા છે. પૂજ્ય ગુરુદેવશ્રીના અધ્યાત્મરસમય તત્ત્વોપદેશથી આકર્ષાઈને, તેનો લાભ લેવા માટે, મુંબઈના ફોર્ટ વિસ્તારમાં ચાલુ દુકાન તથા ધંધો છોડીને, ત્યાંની કમાણી કરતાં ઘણા ઓછા પગારે સોનગઢ-ગુરુકુળમાં શિક્ષકનો વ્યવસાય સ્વીકારી, ઘણા વર્ષોથી સોનગઢ રહેતા હતા. ધાર્મિક શિક્ષણવર્ગમાં શિક્ષક તથા પ્રવચનકાર તરીકે તેઓએ સેવા આપી હતી.

અમદાવાદનિવાસી શ્રી શાંતિલાલ લક્ષ્મીચંદ શાહ (વર્ષ-૮૦) તા. ૫-૨-૨૦૦૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

જામનગરનિવાસી શ્રી ચમનલાલ વ્રજલાલ મહેતા (વર્ષ-૮૧) તા. ૮-૨-૨૦૦૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

લીંબડીનિવાસી શ્રી ભગવાનદાસ ખીમચંદભાઈ શેઠ (બુટાભાઈ) (વર્ષ-૬૧) તા. ૧૭-૨-૨૦૦૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

મુંબઈનિવાસી શ્રીમતી ઇન્દુમતી જશવંતલાલ કામદાર તા. ૨૧-૨-૨૦૦૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

બિલખાનિવાસી (હાલ રાજકોટ) રેવાબેન નાગરદાસ ટીમ્બડીયાના સુપુત્ર શ્રી કમલેશભાઈની સુપુત્રી ચિ. હેતલ (વર્ષ-૧૯) મુંબઈ મુકામે એકસીડન્ટ થતાં અકસ્માત તા. ૨૩-૨-૨૦૦૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

સોનગઢનિવાસી (હાલ મુંબઈ) શ્રી દિલીપભાઈ મનસુખભાઈ ઝોબાળિયા (વર્ષ-૫૪) તા. ૩-૩-૨૦૦૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. સોનગઢ જન્મેલા દિલીપભાઈનું બાળપણ પૂજ્ય ગુરુદેવશ્રીના ચરણોમાં વીતેલું હતું. છેલ્લા બે વર્ષથી નિવૃત્તિપૂર્વક સ્વાધ્યાય-ભક્તિ-પૂજા આદિનો લાભ લેતા હતા.

મૂળીનિવાસી (હાલ સોનગઢ) શ્રી મુક્તાબેન કાંતિલાલ શાહ (વર્ષ-૭૫) તા. ૭-૩-૨૦૦૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ છેલ્લા ૩૦ વર્ષથી સોનગઢ સ્થાયી રહીને તત્ત્વજ્ઞાનનો ઘણો લાભ લીધો હતો.

વાંકાનેરનિવાસી કાંતાબેન અમરચંદભાઈ મહેતા (વર્ષ-૭૩) તા. ૧૦-૩-૨૦૦૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

રાજકોટનિવાસી સ્વ. ત્રિભોવનદાસ વીરજીભાઈ વારીયાના ધર્મપત્ની કલાવંતીબેન (વર્ષ-૮૫) તા. ૧૫-૩-૨૦૦૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

રાજકોટનિવાસી વલ્લભદાસના માતુશ્રી સંતોકબેન રવિદાસ જૈન તા. ૨૧-૩-૨૦૦૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

વિંછીયાનિવાસી (હાલ-ભાવનગર) સ્વ. મણીલાલ સુખલાલ શાહના ધર્મપત્ની શાંતાબેન (વર્ષ-૮૯) તા. ૨૫-૩-૨૦૦૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. *

## ✻ કૌન બનેગા આત્માર્થી ? ✻

પરમકૃપાળુ પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રીના ૧૧૩મા મંગલ જન્મ-મહોત્સવ પ્રસંગે આયોજિત વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ અન્વયે ''કૌન બનેગા આત્માર્થી ?'' નામના જ્ઞાનવર્ધક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં નીચે મુજબના વિષય-આધારિત તૈયાર કરાયેલ હેતુલક્ષી પ્રશ્નો પૂછવામાં આવશે.

૧. પૂજ્ય ગુરુદેવશ્રીનું વર્તમાન જીવનચરિત્ર તથા ભૂત અને ભાવિના ભવ.

૨. પૂજ્ય ગુરુદેવશ્રીના વચનામૃત ૧ થી ૧૧૩ બોલ

૩. ગ્રંથાધિરાજ સમયસાર શાસ્ત્રની ૧ થી ૩૮ ગાથા

૪. છ ઢાળા

૫. સુવર્ણપુરીનો ઇતિહાસ

આ કાર્યક્રમમાં ભાગ લેવા ઇચ્છુક સર્વે મુમુક્ષુ ભાઈ બહેનોને અગાઉથી તૈયારી કરીને આવવા વિનંતી છે.

✻ દેવ-શાસ્ત્ર-ગુરુનો મહિમા અપાર છે, અંતરમાં શુદ્ધાત્માનો મહિમા લાવીને ધ્યેય એનું જ રાખવું; નિરંતર એનું જ ભેદજ્ઞાન કરવાનો પ્રયાસ કરવો. એ જ કરવાનું છે. જેમ સ્ફટિક સ્વભાવે નિર્મળ છે પણ લાલપીળા ફૂલની છાયામાં તે લાલપીળો દેખાય છે. તોપણ વસ્તુતઃ તે કાંઈ મેલો (લાલપીળો) થયો નથી; તેમ ચૈતન્યપદાર્થ સ્વભાવે નિર્મળ છે પણ તેની પરિણતિમાં ક્લેશની કાલિમાને લઈને અનેક જાતનાં વિભાવો દેખાય છે, તોપણ વસ્તુતઃ તે કાંઈ મેલો થઈ ગયો નથી, અંતરમાં દૃષ્ટિ કરે તો શુદ્ધ છે. માટે શુદ્ધાત્મા પર દૃષ્ટિ કરી, એની જ લગની, એની જ ધૂન અને એનું જ દિવસ ને રાત—ક્ષણે ક્ષણે—ભેદજ્ઞાન કરવાનું કે 'આ જે વિભાવો છે તે મારો સ્વભાવ નથી, હું તેમનાથી જુદો—ન્યારો ચૈતન્યમય છું.' એની જ લગની લગાતાર લાગે તો એ નિર્વિકલ્પ તત્ત્વ—સ્વાનુભૂતિ—પ્રાપ્ત થયા વગર રહે જ નહિ.

✻ ગુરુદેવનો તો પરમ ઉપકાર છે. પર ને વિભાવ સાથેની એકત્વબુદ્ધિ તોડીને અંદર ચૈતન્ય તરફ સન્મુખતા કરી તેની સાથે એકત્વ કરે તો વસ્તુસ્વરૂપ યથાર્થ સમજાય. એકત્વ માટે તેનો નિરંતર અભ્યાસ, લગની અને વારંવાર પ્રયત્ન કરવો જોઈએ.

—*પૂજ્ય બહેનશ્રી*

✻

# પરિપત્ર

પરમપૂજ્ય પરમકૃપાળુ સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તથા તદ્‌ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેને પ્રરૂપેલ અધ્યાત્મમાર્ગના પ્રચાર અને પ્રસાર અંતર્ગત એક સી.ડી. વિભાગ શરૂ કરવામાં આવેલ છે જેના દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીનાં નાઈરોબી પંચકલ્યાણક-પ્રતિષ્ઠામહોત્સવ પ્રસંગનાં અધ્યાત્મરસ ઝરતાં પ્રવચનોની, પૂજ્ય બહેનશ્રીની તત્વચર્ચાની, તીર્થયાત્રાની તથા પંચકલ્યાણક પ્રતિષ્ઠાની નીચે મુજબની વિડિઓ સી.ડી. (VCD) તૈયાર કરવામાં આવી છે. જે રૂા. ૩૦ લેખે આપવામાં આવશે.

| ક્રમ | | વિ.સી.ડી નં. |
|---|---|---|
| ૧ | પૂજ્ય ગુરુદેવશ્રીનાં નાઈરોબીનાં પ્રવચનો | ૧ થી ૮ |
| ૨ | પૂજ્ય બહેનશ્રીની તત્વચર્ચા | ૧ થી ૨૫ |
| ૩A | શ્રી સમ્મેદશિખરજી આદિ તીર્થોની મંગલયાત્રા | ૧ થી ૪ |
| B | શ્રી બાહુબલીજી આદિ તીર્થોની મંગલયાત્રા | ૫ થી ૭ |
| C | શ્રી બુંદેલખંડ આદિ તીર્થોની મંગલયાત્રા | ૮ |
| D | શ્રી ગિરનાર સિદ્ધક્ષેત્રની મંગલયાત્રા | ૯ |
| ૪A | શ્રી માનસ્તંભજી પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ | ૧ થી ૨ |
| B | શ્રી પરમાગમમંદિર પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ | ૩ થી ૪ |

આ ઉપરાંત શ્રી શાંતિલાલ રતિલાલ શાહ પરિવાર, સાયન (મુંબઈ) દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ પરમપૂજ્ય સદ્‌ગુરુદેવશ્રીનાં કુલ ૨૬૭૬ પ્રવચનોની ઓડિયો સીડી જે MP3– પ્લેયર તેમ જ કોમ્પ્યુટર દ્વારા સાંભળી શકાય તેવી ૫૦ તેમ જ ૨૫ કલાકના પ્રવચનોની સીડી તૈયાર કરવામાં આવેલી છે. જે તેઓશ્રીના સૌજન્યથી રૂા. ૨૫ લેખે આપવામાં આવશે.

| ક્રમ | શાસ્ત્ર | સીડી નં. |
|---|---|---|
| ૧ | શ્રી સમયસાર | ૧ થી ૧૨ |
| ૨ | શ્રી પ્રવચનસાર | ૨૭ થી ૩૨ |
| ૩ | શ્રી નિયમસાર | ૪૭ થી ૫૧ |
| ૪ | શ્રી પંચાસ્તિકાયસંગ્રહ | ૫૨ થી ૫૩ |
| ૫ | શ્રી અષ્ટપાહુડ | ૫૪ થી ૫૭ |
| ૬ | બહેનશ્રીનાં વચનામૃત | ૨૩ થી ૨૬ |
| ૭ | શ્રી સમયસાર-કળશટીકા | ૪૧ થી ૪૬ તથા ૫૮ |
| ૮ | શ્રી પરમાત્મપ્રકાશ | ૧૭ થી ૨૧ |
| ૯ | શ્રી નાટક સમયસાર | ૩૩ થી ૩૬ તથા ૫૮ |
| ૧૦ | શ્રી છઢાળા | ૧૪ તથા ૧૩ |

| | | |
|---|---|---|
| ૧૧ | શ્રી ઈષ્ટોપદેશ | ૨૨ તથા ૨૧ |
| ૧૨ | શ્રી યોગસાર | ૧૩ |
| ૧૩ | શ્રી પુરુષાર્થસિદ્ધિ-ઉપાય | ૧૫ થી ૧૬ |
| ૧૪ | શ્રી સમાધિતંત્ર | ૩૭ થી ૩૯ |
| ૧૫ | શ્રી વિષાપહારસ્તોત્ર તથા ઋષભસ્તોત્ર | ૫૧ |
| ૧૬ | શ્રી પદ્માનંદિ પંચવિંશતિ-શ્રાવકાચાર, દેશવ્રતોદ્યોતન આલોચના અધિકાર | ૫૧ |
| ૧૭ | જુદા જુદા શાસ્ત્રોની વિશિષ્ટ ગાથાઓ ઉપરના પ્રવચનો | ૪૦ તથા ૩૯ |

**મુમુક્ષુમંડળો તેમ જ મુમુક્ષુઓએ ઉપરોક્ત વીસીડી તથા ઓડીયો સીડી લેવા માટે નીચેના સરનામે સંપર્ક કરવો.**

**શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ**
સીડી વિભાગ, સોનગઢ પીન : ૩૬૪૨૫૦
ફોન : (02846) 44334

**શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,**
**સોનગઢ**

*

## આત્મધર્મ (ગુજરાતી) માસિક-પત્ર સંબંધી માહિતી


પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ
પ્રકાશન સ્થાન : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ-૩૬૪૨૫૦
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ, સોનગઢ
સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી, સોનગઢ
માલિક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ
મુદ્રક : કહાન મુદ્રણાલય, જૈન વિદ્યાર્થી ગૃહ, સોનગઢ
પ્રકાશન તારીખ : દરેક માસની પંદરમી તારીખ
રાષ્ટ્રીયતા : ભારતીય

તા. ૧૫-૪-૨૦૦૨

વ્યવસ્થાપક :—
શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સોનગઢ-૩૬૪૨૫૦

[તા. ૧૦-૪-૨૦૦૨]

# સુવર્ણપુરી સમાચાર

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમપૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહના જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીના મધુર તત્ત્વાવધાનમાં, અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | |
|---|---|
| પ્રાતઃ | : પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ | : જિનેન્દ્ર-દર્શન-પૂજા |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : શ્રી પંચાસ્તિકાય શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન |
| બપોરે ૩-૩૦ થી ૪-૩૦ | : શ્રી સમયસાર ઉપર શાસ્ત્ર-પ્રવચન |
| બપોરે પ્રવચન પહેલાં | : પરમ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે ઉપકૃતભાવભીની સ્તુતિ |
| બપોરે પ્રવચન પછી | : પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૪૫ થી ૫-૧૫ | : જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૭-૪૫ થી ૮-૪૫ | : 'શ્રી અષ્ટપાહુડ' શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન |

**સમ્યક્ત્વજયંતી--મહોત્સવ :—** નિર્મલ સમ્યક્ત્વથી વિભૂષિત ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૭૦મો સમ્યક્ત્વજયંતી–મહોત્સવ તા. ૩-૪-૨૦૦૨, બુધવારથી તા. ૭-૪-૨૦૦૨, રવિવાર (ફાગણ વદ ૧૦)–પાંચ દિવસ સુધી નાઈરોબી (કેન્યા) નિવાસી શ્રી પ્રફુલ્લભાઈ દેવચંદ રાજા–પરિવાર (હા. શ્રીમતી સરોજબેન, શ્રેયસ, અ. સૌ કલ્પા તથા સુજલ અને દીપ) તરફથી અતિ–આનંદોલ્લાસ સહ ઊજવવામાં આવ્યો. આ પંચાહ્નિક અવસર પર રાજકોટ, બૃહદ--મુંબઇ, ભાવનગર, અમદાવાદ, નાઈરોબી આદિ વિભિન્ન ગામોથી લગભગ ૬૦૦ થી વધુ મુમુક્ષુ ભાઇબહેન આવ્યાં હતાં.

### ✻ અધ્યાત્મવિદ્યાતીર્થ સુવર્ણપુરીમાં ગ્રીષ્મકાલીન ધાર્મિક શિક્ષણવર્ગ ✻

અધ્યાત્મવિદ્યાસ્થળી શ્રી સોનગઢમાં પુરુષો માટે પ્રતિવર્ષ ચાલતો ગ્રીષ્મકાલીન ધાર્મિક શિક્ષણ-વર્ગ, અધ્યાત્મબોધકર્તા પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની ૧૧૩મી મંગલ જન્મજયંતીના શુભાવસર પર તા. ૯-૫-૨૦૦૨, ગુરુવારથી તા. ૨૯-૫-૨૦૦૨, બુધવાર–એકવીસ દિવસ સુધી રાખવાનું નક્કી કરવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓ માટે આવાસ તથા ભોજનની વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે.

આપ આપના મુમુક્ષુમંડળના કેટલા વિદ્યાર્થી મોકલી રહ્યા છો–એની અગ્રિમ સૂચના પોસ્ટથી અથવા ફોનથી જણાવવા વિનંતી.

**વ્યવસ્થાપક :—**

**શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ**

## * જામનગર (સૌરાષ્ટ્ર) માં શ્રી જિનબિમ્બ–વેદીપ્રતિષ્ઠા તથા માનસ્તંભ (દશવર્ષીય) મહા-મસ્તકાભિષેક *

જામનગરના શ્રી દિગંબર જૈન મુમુક્ષુમંડળે તા. ૨૩-૪-૨૦૦૨, મંગળવારથી તા. ૨૫-૪-૨૦૦૨, ગુરુવાર (મહાવીર જયંતી)–ત્રણ દિવસ સુધી દિગંબર જિનબિંબ–વેદીપ્રતિષ્ઠા તથા માનસ્તંભ (દશવર્ષીય) મહામસ્તકાભિષેકનું આયોજન કર્યું છે. આ મંગળ મહોત્સવ વિવિધ રોચક કાર્યક્રમ સહ અતિ આનંદોલ્લાસ પૂર્વક ઊજવવામાં આવશે. આ આનંદકારી શુભાવસર પર સર્વે મુમુક્ષુ મહાનુભાવોને સપરિવાર તથા સાધર્મી મુમુક્ષુવૃંદ સહિત જામનગર પધારવાનું શ્રી જામનગર દિગંબર જૈન મુમુક્ષુમંડળ તરફથી સહૃદય ધર્મવાત્સલ્યયુક્ત અતિ આગ્રહ ભર્યું નિમંત્રણ છે.

મહોત્સવ સ્થળ :–મુળજી જેઠા ધર્મશાળા ખંભાળિયા નાકા બહાર, જામનગર (સૌરાષ્ટ્ર)

નિમંત્રક :—

**શ્રી દિગંબર જૈન મુમુક્ષુમંડળ, જામનગર**

અમદાવાદ ભાવનગર ઇન્ટરસીટી (શેત્રુંજી એકસપ્રેસ)નું સ્ટોપેજ સોનગઢ આપવામાં આવેલ છે. સર્વે મુમુક્ષુઓને સોનગઢ આવવા-જવા માટે એની નોંધ લેવા વિનંતી.

| | |
|---|---|
| ટ્રેઇન નં. ૯૯૦૯ | સોનગઢ સવારે ૬-૧૫ મી. આવશે. |
| | અમદાવાદ ૧૧-૨૦ મી. પહોંચશે. |
| ટ્રેઇન નં. ૯૯૧૦ | અમદાવાદથી સાંજે ૧૭-૧૦ મી. ઉપડશે. |
| | સોનગઢ ૨૧-૫૬ મી. આવશે. |

Please note new address/Phone numbers of
**'JAIN SWADHYAY MANDIR SONGADH'** in USA, as under :–

**JAIN SWADHYAY MANDIR SONGADH**
304, TALLOAK TRAIL, TARPON SPRINGS,
FLORIDA 34668. USA
Phone : (727) 934-3255/6141
Fax : (727) 843-8157
Email : kahanguru@hotmail.com

Address/Phone numbers of secretary/treasurer of this organisation **Hasmukh M. Shah** is also as mentioned above.

*

ભગવાન મહાવીરસ્વામી-નિર્વાણ-વાર્ષિક પર્વ પ્રસંગે
પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીની સાધનાભૂમિ સુવર્ણપુરી મધ્યે

## માનસ્તંભ-પ્રતિષ્ઠા-સુવર્ણ જયંતી (૫૦મા) વર્ષના ઉપલક્ષમાં
## માનસ્તંભ-કલશપ્રતિષ્ઠા તથા મહામસ્તકાભિષેકનો

# ❀ મંગલ મહોત્સવ ❀

આનંદોલ્લાસ સહ નિવેદનકે અધ્યાત્મયુગ પ્રવર્તક સ્વાત્માનુભવી પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તથા તદ્‌ભક્તશિરોમણિ સ્વાનુભવવિભૂષિત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ધર્મોપકાર પ્રતાપે આપણા ઊંડા આદર્શ આત્માર્થી પંડિતરત્ન આદરણીય શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહની શુભાશિષભરી આનંદવર્ધિની મંગલ ઉપસ્થિતિમાં, અધ્યાત્મસાધનાતીર્થ શ્રી સુવર્ણપુરી (સોનગઢ) મધ્યે વિ.સં. ૨૦૦૯માં નિર્મિત તથા પ્રતિષ્ઠિત ૬૩ ફુટ ઉન્નત આરસપાષાણ–રચિત ભવ્ય માનસ્તંભની પ્રતિષ્ઠાના સુવર્ણ જયંતી (૫૦મા) વર્ષના ઉપલક્ષમાં, આગામી “મહાવીર–નિર્વાણ (દીપાવલી)’ વાર્ષિક પર્વ પ્રસંગે માનસ્તંભ ઉપરના કલશને સુવર્ણથી પુનઃ વિભૂષિત કરી, તેની પુનઃ પ્રતિષ્ઠા તથા માનસ્તંભનાં પ્રતિષ્ઠિત જિનબિંબોનો મહામસ્તકાભિષેક કરવાનું મંગલ આયોજન નિશ્ચિત કરવામાં આવ્યું છે. આ આયોજનાધીન મંગલ મહોત્સવ સુવર્ણપુરીમાં વિ.સં. ૨૦૫૮, આસો વદ બુધવાર, તા. ૩૦-૧૦-૨૦૦૨ થી વિ.સં. ૨૦૫૯, કારતક સુદ ૨, બુધવાર, તા. ૬-૧૧-૨૦૦૨–એમ આઠ દિવસ સુધી શ્રી શાંતિજાપ, મંડપપ્રતિષ્ઠા, વિધિ-અધ્યક્ષ શ્રી જિનબિંબ-બિરાજમાન આચાર્ય-અનુજ્ઞા, ઈંદ્રપ્રતિષ્ઠા, ઈંદ્રશોભાયાત્રા, નાંદીવિધાન, અખંડ-દીપપ્રદીપન ધર્મધ્વજારોહણ, જિનસહસ્ત્રનામ–મંડલવિધાનપૂજા, યાગમંડલપૂજા, જલયાત્રા, કલશશુદ્ધિ કલશારોહણ, માનસ્તંભ–જિનમહાભિષેક (મહાભિષેક સ્ફટિકમણી કલશ, રત્ન-કલશ, સુવર્ણ-કલશ, રજત-કલશ અને સાદા કલશો વડે કરવામાં આવશે. સ્ફટિકમણી કલશ વગેરેની તથા ઈંદ્રોની ઉછામણી બોલવામાં આવશે.)

પૂજ્ય ગુરુદેવશ્રીનાં અધ્યાત્મામૃતભરપૂર CD ટેપપ્રવચન, પૂજ્ય બહેનશ્રીની વિડિયો–ધર્મચર્ચા, સમાગત વિદ્વાનોનાં શાસ્ત્રપ્રવચન, ધાર્મિક શિક્ષણવર્ગ, ભજનમંડળીઓ દ્વારા ભક્તિ, સાસ્કૃતિક પ્રોગ્રામ વગેરે અનેકવિધ રોચક કાર્યક્રમ સહ—ઊજવવામાં આવશે.

પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય બહેનશ્રીની સાધનાભૂમિમાં અતિ ભવ્યતાથી સંપન્ન થનાર આ ભવ્ય મહોત્સવ પ્રસંગે આબાળગોપાળ સમસ્ત મુમુક્ષુઓ લાભ લઈ શકે અને તેઓ પોતાની પ્રવાસ-ટીકીટ વગેરેનું આયોજન કરી શકે તે માટે વહેલાસર નિવેદન કરવામાં આવે છે.

*નિવેદક—*

*શ્રી દિ૦ જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ*

*પ્રમુખ–હસમુખલાલ પોપટલાલ વોરા.*

અધ્યાત્મસાધનાતીર્થ શ્રી સુવર્ણપુરીમાં વકીલ શ્રી વીરજીભાઈ તારાચંદ વારિઆ
(હા. શ્રી મહેન્દ્રભાઈ સુંદરજીભાઈ વારિઆ-પરિવાર) દ્વારા આયોજિત
પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો ૧૧૩મો

# * મંગલ જન્મજયંતી-મહોત્સવ *

અત્યંત હર્ષોલ્લાસ સહ નિવેદન કે-આપણા પરમ-તારણહાર પરમોપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો આગામી ૧૧૩મો વાર્ષિક મંગલ જન્મોત્સવ અધ્યાત્મ-સાધનાતીર્થ શ્રી સોનગઢમાં વકીલ શ્રી વીરજીભાઈ તારાચંદ વારિઆ (હા. શ્રી મહેન્દ્રભાઈ સુંદરજીભાઈ વારિઆ-પરિવાર) તરફથી અતિ આનંદોલ્લાસપૂર્વક ઊજવવામાં આવશે.

તદનુસાર પૂજ્ય ગુરુદેવશ્રીની આગામી ૧૧૩મી જન્મજયંતી (વૈશાખ સુદ બીજ)નો મંગલ મહોત્સવ સુવર્ણપુરીમાં તા. ૧૦-૫-૨૦૦૨, શુક્રવારથી તા. ૧૪-૫-૨૦૦૨, મંગળવાર-પાંચ દિવસ સુધી 'શ્રી સોલહકારણ-વિધાનપૂજા', પૂજ્ય ગુરુદેવશ્રીનાં આધ્યાત્મિક ઓડિયો-ટેપપ્રવચન, પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની વિડિયો ધર્મચર્ચા, સમાગત ગુરુભક્ત વિદ્વાનોનાં શાસ્ત્રપ્રવચન, ધાર્મિક શિક્ષણવર્ગ, તા. ૧૦-૧૧-૧૨ ત્રણ દિવસ માટે યુવકમંડળ દ્વારા આયોજીત ધાર્મિક શિક્ષણ-શિબિર, ઘાટકોપર, વઢવાણ તથા મલાડની દિ. જૈન ભજનમંડળી દ્વારા દેવગુરુભક્તિ વગેરે અનેકવિધ રોચક કાર્યક્રમ સહ ઊજવવામાં આવશે.

પૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય ભગવતી માતાની પવિત્ર સાધનાસ્થળી શ્રી સુવર્ણપુરીમાં આપણા ઊંડા આદર્શ આત્માર્થી પંડિતરત્ન શ્રી હિંમતલાલ જે. શાહની શુભાશિષવર્ષી મંગળ ઉપસ્થિતિમાં ઉજવવામાં આવનાર ગુરુભક્તિના આ અનુપમ અવસરથી લાભાન્વિત થવા માટે ગુરુભક્ત સર્વે મુમુક્ષુઓને સોનગઢ પધારવા માટે અમારા તરફથી હાર્દિક નિમંત્રણ છે.

નિમંત્રણ પત્રિકા (જેની લેખનવિધિ સોનગઢમાં તા. ૬-૪-૨૦૦૨, શનિવારના દિવસે રાખવામાં આવી હતી) સર્વે મુમુક્ષુઓને મોકલવામાં આવી છે.

*નિમંત્રક-*

*મહેન્દ્રભાઈ સુંદરજીભાઈ વારિઆ--પરિવાર*

*સુરેન્દ્રનગર*

# ❀ પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્ગાર ❀

❀ શ્રોતા :—આત્માના સંસ્કારોને દૃઢ કરવા શું કરવું ?

પૂજ્ય ગુરુદેવ :—વસ્તુસ્વરૂપનો નિર્ણય દૃઢ કરવો. શુદ્ધ છું, એક છું, જ્ઞાયક છું, એનો ચારે પડખાથી વારંવાર નિર્ણય પાકો કરીને દૃઢ કરવો. ૨૪૧.

❀ અપને આતમદેવકી મહત્તા છોડકર પુણ્ય-પાપકી મહત્તા કરતે હૈં ઓ કુદેવકી મહત્તા કરતે હૈં. પુણ્ય-પાપમેં કુછ શક્તિ નહીં, ઉસમેં શક્તિ માનના ઓ કુદેવપણા હૈ. ૨૪૨.

❀ શ્રોતા :—જ્ઞાની દ્રવ્યદૃષ્ટિના જોરથી રાગને પુદ્ગલનો માને પણ જિજ્ઞાસુ રાગને પુદ્ગલનો માને તે બરાબર છે ?

પૂજ્ય ગુરુદેવ :—જિજ્ઞાસુ પણ વસ્તુસ્વરૂપના ચિંતવન આદિમાં માને કે રાગ તે આત્માનો નથી, રાગ તે ઉપાધિભાવ છે, પરના આશ્રયે ઉત્પન્ન થતો હોવાથી મારો નથી, પુદ્ગલનો છે એમ માને.

શ્રોતા :—રાગ તે પુદ્ગલ-પરિણામ...પુદ્ગલ-પરિણામ એમ કરીને રાગનો ડર રહે નહિ તો ?

પૂજ્ય ગુરુદેવ :—એમ હોય નહિ; રાગની રુચિ હોય નહિ, રાગની રુચિ છોડવા માટે રાગ તે પુદ્ગલ-પરિણામ છે તેમ જાણે. શાસ્ત્રમાં સ્વચ્છંદતા કરવા કોઈ વાત કરી નથી, વીતરાગતા કરવા કહ્યું છે. ૨૪૩.

❀ પુણ્ય–પાપ–આસ્રવ–બંધ ને સંવર–નિર્જરા–મોક્ષ તત્ત્વ છે, નથી એમ નથી, પણ તેમાં સારરૂપ તો એક ત્રિકાળી તત્ત્વ જ છે. દ્રવ્ય અને પર્યાય એમ બન્નેને ન માને તેને તો તત્ત્વની ખબર જ નથી. આસ્રવ આદિ, સંવર આદિ અને ત્રિકાળી એમ સર્વ તત્ત્વો છે ખરા, પણ તેમાં સારરૂપ એક જ તત્ત્વ—ત્રિકાળી તત્ત્વ છે. શ્રી સમયસારની ૧૧ મી ગાથામાં પર્યાયને ગૌણ કરીને અભૂતાર્થ કહી છે, પર્યાયનો અભાવ છે એમ નથી. નિયમસાર શ્લોક ૫૪મા પણ 'સર્વ તત્ત્વો' એમ શબ્દ વાપર્યો છે, પર્યાય છે એમ સિદ્ધ કરીને કહ્યું કે તેમાં સાર એક ત્રિકાળી તત્ત્વ જ છે. અલિંગગ્રહણના ૨૦મા બોલમાં ધ્રુવને સ્પર્શતો નથી એવી શુદ્ધ પર્યાય તે આત્મા છે એમ કહ્યું, ત્યાં વેદનની અપેક્ષાએ કહ્યું છે, કેમ કે આનંદનું વેદન પરિણતિમાં છે, ત્રિકાળીનું વેદન થતું નથી. તેથી વેદનમાં આવ્યો તે હું—એમ કહ્યું છે. જ્યાં જે આશય હોય તે સમજવો જોઈએ. અહીં સમ્યગ્દર્શનની વાત છે, સમ્યગ્દર્શનનો વિષય જે ત્રિકાળી ધ્રુવસામાન્ય તે એક જ સર્વ તત્ત્વોમાં સાર છે. આત્મવસ્તુ પોતે ધ્રુવ છે અને તેના ઉપર લક્ષ જતાં સમ્યગ્દર્શન થાય છે. ૨૪૪.

## ❊ તું જાણનાર જ છો ❊

નિર્મળ પરિણામ હો કે મલિન પરિણામ હો તેના સ્વકાળે જ તે થાય છે, તે પરિણામનો તે જન્મક્ષણ છે. ખરેખર જે કાંઈ થાય છે તેનો તું જાણનાર છો, આમ કેમ થાય છે એ પ્રશ્ન જ નથી. જે કાળે જે પરિણામ થાય તેનો જાણનાર રહે. અહા પ્રભુ! તારી ગંભીરતાનો પાર નથી, દ્રવ્યસ્વભાવ–ગુણસ્વભાવ–પર્યાયસ્વભાવ–મહાગંભીરસ્વભાવ છે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ

If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 `Licensed to Post Without Prepayment'

પ્રકાશક : શ્રી ચીમનલાલ ઠાકરશી મોદી, મંત્રી-ટ્રસ્ટી
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦

મુદ્રક : કહાન મુદ્રણાલય, સોનગઢ

તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ

માલિક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦

સ્થળ : જૈન વિદ્યાર્થી ગૃહ કમ્પાઉન્ડ,
સોનગઢ–૩૬૪૨૫૦

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી

આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫૦/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫/–
[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે પોસ્ટેજના વાર્ષિક રૂા. ૨૦૪/– અલગ]

Email : C/o vshahco@yahoo.com
Fax : (02846) 44334

પ્રત : ૫૪૦૦